Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૫૦ • તા. ૧૪ ડીસેમ્બર થી ૨૦ ડીસેમ્બર ૨૦૧૫ • વાર્ષિક લવાજમ રૂા. ૫૦ • Regn.No. MCE/53/2015-17


## નિવૃતિ સુધીની ઉજ્જવળ કારકિર્દી બદલ હાર્દિક અભિનંદન

પોલીસમાં પોલીસ સબઈન્સપેક્ટર રૂપે પ્રવેશ : ઈ.સ.૧૯૭૯
ભંડારાના ડેપ્યુટી સુપ્રિન્ટેડન્ટ તરીકે નિવૃતિ :
તા. ૩૦/૧૧/૨૦૧૫.

જરા હટકે જીવ્યા જિંદગી,
કરી પોલીસ ખાતાની પસંદગી...
૩૬ વર્ષની ઉજ્જવલ કારકિર્દી,
સૌ વખાણે આપની
બહાદુરી ને જિંદાદિલી !



**શ્રી પ્રતાપ પદમશી ધરમશી**
સુથરી – મુલુંડ

- વર્ષ ૧૯૭૫માં એમ.કોમ. થયા.
- વર્ષ ૧૯૭૯માં નાસિકની પોલીસ અકાદમીમાંથી પોલીસ સબઈન્સપેક્ટરની તાલીમ સફળતાપૂર્વક પૂરી કરી.
- ૧૯૮૦માં ડી.ડી.બી માર્ગ અને લેમિન્ગટન રોડ પોલીસ સ્ટેશનો ખાતેથી પોલીસ ખાતાની ઉજ્જવળ કારકિર્દી શરૂ કરી.
- વર્ષ ૧૯૯૫માં પોલીસ ઈન્સેપેક્ટર તરીકે બઢતી પામ્યા.
- વર્ષ ૨૦૦૯માં નાગપુરના આસીસ્ટન્ટ પોલીસ કમીશનર તરીકે બઢતી મેળવી.
- વર્ષ ૨૦૧૪માં ભંડારાના ડેપ્યુટી સુપ્રિન્ટેડન્ટ ઓફ પોલીસ તરીકે બઢતી પામ્યા.
- મોટી કામગીરી સફળતાની પાર પાડવા એકંદરે ૧૨૫ શાબાશીઓ તથા રૂા. ૫૦,૦૦૦/–ના રોકડ ઇનામો મેળવ્યા.

❖ શુભેચ્છક ❖

માતુશ્રી ઈંદિરા પદમશી ધરમશી – સુથરી/મુંબઈ
માતુશ્રી મણીબેન હિરાચંદ ધરમશી – સુથરી/દિગ્રાસ
શ્રીમતી લીલાબાઈ વીરચંદ ખોના – હુબલી
શ્રીમતી કોકિલા કિશોર સોની – સાંયરા/મુંબઈ

જીવનના દરેક તબક્કે આદર અને સમર્થન આપવા બદલ સમસ્ત કચ્છી દશા ઓશવાળ સમાજનો આભાર સુથરી મહાજન અને ગામવાસીઓનો વિશેષ ઋણ સ્વીકાર..
પ્રતાપ પદમશી ધરમશી • અંજના પ્રતાપ ધરમશી

# પરબ
શક્તિ સંજીવની સોસાયટી
સખ્ય ■ સાથ ■ સ્નેહ

## પરબની રજતી સોગાત....
૯૦૩, ઓરા એપાર્ટમેન્ટ, ઘાટલા વીલેજ રોડ, ચેમ્બુર, મુંબઈ-૪૦૦ ૦૭૭.

### આગામી કાર્યક્રમ ... ''ચાંદ તારોંકો છુનેકી આશા''

અતિથિ વિશેષ : શ્રીમતી છાયા મોમાયા (Entrepreneur Lite Coach)

| | | |
|---|---|---|
| તારીખ : શુક્રવાર, તા. ૮ જાન્યુઆરી ૨૦૧૬ | સ્થળ : ફાઈન આર્ટસ સોસાયટી, શીવાસ્વામી હોલ, ચેંબુર, મુંબઈ. | સમય : સાંજે ૪.૩૦ થી ૬ અલ્પાહાર કાર્યક્રમ : સાંજે ૬ વાગ્યાથી |

**અમ પરબઘરના આસો પલ્લવિત આંગણે રજતી અંતરનો ઉલ્લાસ હિલોળે હિંચકે એવો અવસર છે મનમેળની વાતો, જીવનનું દિવ્યપથ પ્રતિપ્રયાણ.**

સ્ત્રી શક્તિની સમર્થક રહી છે. સ્ત્રીના અનેક રૂપો જુજવા છતા બળ તો એકજ સ્ત્રીનું સરસ્વતીરૂપ અને લક્ષ્મીરૂપ જ્યાં એક થાય ત્યાંજ સ્વર્ગવિદ્યા સજીવન રહે.

આ જાજરમાન કાર્યક્રમ માટે આપની હાજરી અને અમારૂ સ્વાગત સમારંભનુ સુખ બનો અને સહુની શોભા વધો તેવી ભાવનાને સાકાર કરીએ. આ આગોતરુ નોતરુ છે.

પ્રોગ્રામનાં ડોનર્સ પાસ માટે નીચેના સભ્યોનો સંપર્ક કરવો

| | | | |
|---|---|---|---|
| કાશ્મીરા લુઠિયા | 98216 75772 | પુષ્પા ખોના | 93222 62521 |
| મીના શાહ | 98205 66306 | લીના કાયાણી | 98209 26699 |
| પારૂલ મોતા | 93222 80529 | | |

તા.ક.: પ્રોગ્રામની શરૂઆત ચૂકશો નહીં

---

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઈ

Estd. 1954

62 Shree KDO Students Association

દ્વારા આયોજિત **વાર્ષિક ઉત્સવ**

on Sunday, 17th January 2016 from 5.00 pm onwards

ક.દ.ઓ. 3 પેઢીઓનો તહેવાર

## Jalsa 3





Non-Member Pass ₹ 20/-

Pass available from 05.01.2016

25.12.2015 Best out of Waste & Drawing Competition SHRUSTI - 9702547066

Academic Prize Distribution | Drama
Dance Competition | Instrumental Playing
Navrangi Saree | Baby Fancy Dress
Singing | Fashion Show by KDO's

**સ્થળ**
શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ ગ્રાઉન્ડ,
ડબ્બા કંપનીની બાજુમાં, નેહરૂ રોડ, કાંજુરમાર્ગ (પૂર્વ).

For Jalsa 3 Event Participation Call on 9769502277
Submit: SSC, HSC, Graduation, Post-Graduation 2014-15 Result before 30.12.2015 to DIVESH 9320315561

Urmin Jayesh Lodaya, Secretary (Suthari-Ghatkopar) 9167060043
Nikita Naresh Meisheri, Treasurer (Moti Sindhodi-Thane) 9930909383
Anuj Girish Lodaya, President (Rava-Dombivli)
Mayank Jitendra Momaya, Vice-President (Sayera)
Hiten (Rajan) B. Lodaya, Convinier - 9167001975 (Rava-Kanjurmarg)
Hemil Jayesh Dand, Co-Convinier (Varadia-Ghatkopar)
Tejas Mahendra Khona, Co-Convinier (Jakhau-Bhandup)
Ekta Udayan Lodaya, Co-Convinier (Moti Sindhodi-Mulund)

FOR PASSES CONTACT : SHUBHAM LAPASIA 8898451456 | MITTAL DHARAMSEY 9773008712 | DHARMITA LODAYA 9769484984

**આદ્યતંત્રીઓ**
''પ્રકાશ''
ડૉ. વેલજી પાસ્વીર ગોસર
''સમીક્ષા''
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
''પ્રકાશ સમીક્ષા''
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 50/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Rest.,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg.
Fort, Mumbai - 400 001

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

# વસતી પત્રક સમિતિનું સંચાલન વ્યવસ્થિત થશે ?

આગામી વર્ષના જાન્યુઆરી શરૂઆતમાં બેંગલોરમાં યોજનાર કે.ડી.ઓ ગ્લોબલ સમિટ ઓન આઈટી એન્ડ એમરજીંગ બિજનેઝમાં એક બેઠક કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિમાં ડીજીટલ સંસ્કૃતિ આણવા વિશેની વાત થશે. વસતિપત્રક સમિતિ દ્વારા એક વખત પુસ્તક આકારનું વસતિપત્રક પ્રગટ કર્યા બાદ જ્ઞાતિજનો પોતે જ કમ્પ્યુટરની મદદથી એ માહિતી સતત તાજી રાખતા રહે તે ઉપરાંત એક બીજા સાથે પોતાની હિલચાલનાં ફોટા આદિ પાઠવી, પોતાની ૨૦ પેઢીઓની જાણકારી મેળવી જોડાયેલા રહે તેવી જે સીસ્ટમ (યંત્રણા) વસાવાઈ તેની પૂર્ણ સંભાવનાઓ સાકાર કરી લેવાઈ હશે ત્યારે કેવી હશે તે વિશે યથાશકય ડેમો (પ્રત્યક્ષીકરણ) સાથે માહિતી અપાશે.

આ માહિતી મેળવીને પ્રૌઢ પેઢીના પ્રતિનિધિઓને લાગશે કે જ્ઞાતિના કમસેકમ કેટલાક વર્તમાન આગેવાનો સમયની સાથે જ નહીં સમયથી આગળ ચાલવા માટે સજાગ છે. તેમને એમની દૂરદેશી બદલ ગર્વ થશે.

પણ બીજી જ પળે તેઓ જ્યારે જાણશે કે આ સીસ્ટમતો અત્યારે તેની એકંદર સંભાવનાની દૃષ્ટિએ માત્ર ૧૦-૨૦ ટકા જ ઉપયોગ થાય છે ત્યારે તેઓ માત્ર નિરાશ નહીં થાય એ માટે જવાબદાર વસતિપત્રક સમિતિના આગેવાનો પ્રત્યે તેમને જરૂરથી ક્રોધ અને રોષની લાગણી જન્મશે.

વધુમાં તેઓ જ્યારે જાણશે કે વસતિપત્રક સમિતિ તેના બંધારણ પ્રમાણે નથી ચાલતી અને તે માત્ર કેટલાક સેવાભાવી આગેવાનો અને પ્રોફેશનલોની જહેમતથી નામશેષ નથી થઈ ત્યારે તેમને નવાઈ પણ લાગશે અને હતાશા જાગશે.

આવી સ્થિતિ ટાળવાની વસતિપત્રક સમિતિના આગેવાનોની ફરજ છે અને તેઓ અહમ અને હૂંસાતુસી છોડી દે તો બહુ સહેલાઈથી તેમ કરી પણ શકે છે.

વસતિપત્રક સમિતિનો વર્તમાન ઢાંચો પુસ્તક આકારે એક વસતિપત્રક પ્રગટ કરવા માટે બનેલો છે. તે કોઈપણ રીતે ભવિષ્યની જરૂરતોને ધ્યાનમાં લઈને જે સિસ્ટમ ખરીદાઈ છે તેની પૂરી સંભાવનાઓને સાકાર કરી શકે તેમ નથી.

છેલ્લાં દોઢ-બે વર્ષથી સદંતર નિષ્ક્રિય રહેલા આ સંચાલકો વસતીપત્રક સમિતિને બરખાસ્ત કરવામાં જ સૌનું ભલું છે એમ નિખાલસતાથી સ્વીકારશે ?

તે વસતિ પત્રક સમિતિના આગેવાનો હાલમાંની વણવપરાયેલી પડી રહેતી સીસ્ટમ આઈટીના ગ્લોબલ સમિટ અર્થે મળેલા યુવા વર્ગના પ્રતિનિધિઓને તેની સાથે સંકળાયેલી જ નહીં સમગ્ર વસતિપત્રક સમિતિની આર્થિક જવાબદારી નિભાવવા તથા પુસ્તક આકારે વસતિપત્રક પ્રગટ કરવા જે પ્રકારના સહયોગની જરૂર હોય તે અપાશે એવી શરતે સોંપી દે તો ? તો સોનામાં સુગંધ ભળશે પણ વસતિપત્રક સમિતિ પાસેથી આવી અપેક્ષા રાખી શકાય ખરી ?

## જાહેરાતકર્તાઓને વિનંતિ

પ્રકાશ-સમીક્ષામાં જાહેરાત છપાયાના બીલ મળ્યા પછી પણ અને અનેક રીમાઈન્ડરો આપવા છતાંયે ઘણા જાહેરાતકારો ૧૦ થી ૧૨ મહિના સુધી તેની ચૂકવણી કરતા નથી તેવા અનેક અનિચ્છનીય અનુભવોને અનુલક્ષીને હવેથી જે જાહેરતાકર્તાઓની તેમની પોતાની વ્યક્તિગત કે સંસ્થા-મહાજનો કે તેમની મારફત વ્યક્તિગતસમૂહ કે સંસ્થા સમુહના નામે અપાયેલ જાહેરાત પ્રકાશિત થયા પછી બે મહીનામાં તેની ચૂકવણી નહીં કરવામાં આવે તેવા કિસ્સાઓમાં તેમણે કે તે સંસ્થા મહાજનોએ તેમની તે પછીની કોઈ પણ જાહેરાત પ્રકાશિત કરવા પહેલાં અગાઉનાં બાકી બીલની રકમઉપરાંત પ્રસ્તાવિત નવી જાહેરાતની રકમ પણ અગોતરીચૂકવવાની રહેશે તેની નોંધ લેવા વિનંતિ.

# કે.ડી.ઓ. એન્જલ ઈન્વેસ્ટર ગ્રુપ-૧૦૦ : જ્ઞાતિ અને રોકાણકારને થતું લાભકારી રોકાણ કરવા તથા સૂચનો મોકલવા અનુરોધ

જાન્યુઆરીની પ્રારંભો યોજનારા કે.ડી.ઓ.ગ્લોબલ સમિતિમાં મુખ્યત્વે જ્ઞાતિ વ્યવસાયમાં પહેલ કરનારાઓ તથા સમુદાય માટે કંઈક કરવાની ભાવનાવાળા રોકાણકારોને નજીક લાવવા કે.ડી.ઓ.એન્જલ ઈન્વેસ્ટર ગ્રુપ -૧૦૦ની સ્થાપના થશે

આ ગ્રુપનાજેના પ્રસ્તાવિત ઉદેશ્ય આ પ્રમાણે રહેશે : ૧) જ્ઞાતિના આર્થિક બાબતોમાં નવી પહેલ કરવા ઈચ્છુક સાહસવીરોને જ્ઞાતિ ઉડ્ડાન (ઉત્કર્ષ)ના ઉદાત હેતુવાળા રોકાણકારો પાસેથી નાણા વ્યવસ્થા કરી આપવી. ૨) જ્ઞાતિમાં (ખાસ કરીને યુવા વર્ગમાં) નવા ચાલે ચાલવાની હિંમત કરવાનો જુસ્સો કેળવવો, ૩)જ્ઞાતિના સાહસવીરો અને રોકાણકારો વચ્ચે નિયમિત મુલાકાતો યોજવી, ૪) જ્ઞાતિના યુવાને કેળવવા જ્ઞાતિ સંસ્થાઓ/વ્યક્તિઓ દ્વારા વ્યક્તિત્વ વિકાસ કેન્દ્રો ઊભા થાય તેમને પ્રેરવા, ૫) આ નેજા હેઠળ શરૂ થયેલ પ્રોજેક્ટોની દેખરેખ રાખવી, ૬) વૈશ્વિક સ્તરે કયા ધંધા/વ્યવસાયના ક્ષેત્રોમાં લાભકારી પહેલ થઈ રહી છે તેનાથી જ્ઞાતિ અને ખાસ કરીને યુવાનોને માહિતગાર રાખવા, ૭) જાહેર જનતા પાસેથી ભંડોળ મેળવવા ૮) સમુદાયને એસ.એમ.એસ/વોટ્સ અપ/ફોટા સમાચારની આપલે કરવાની ડીજીટલ તરીકે ઓળખાતી નવી સીસ્ટમ દ્વારા નજીક લાવવા. ૯) ધંધા-વ્યવસાયની નવી પહેલ કરનારા જ્ઞાતિજનોને માન્યતા આદર અપાવવા તથા એવોર્ડ ઈનામ આપવા.

કે.ડી.ઓ. એન્જલ ઈન્વેસ્ટર ગ્રુપ-૧૦૦ ના સભ્ય થનાર પાસેથી નીચેની અપેક્ષા રાખવામાં આવે છે. તે દર વર્ષના રૂા.૫૦૦૦/- લેખે ત્રણ વર્ષના ૧૫૦૦૦/- પ્રારંભે એક સાથે ભરશે તેમજ ત્રણ વર્ષમાં ઓછામાં ઓછું આ ગ્રુપની વિશેષ સમિતિઓ લાભકારી/સક્ષમ માનેલા ધંધા-વ્યવસાયની પહેલાના પ્રોજેક્ટો માટે રૂા. દસ લાખનું ઓછામાં ઓછું રોકાણ કરશે.

ઉપરોક્ત કાચો મુસદો જ્ઞાતિ આગેવાનો તથા સંભવિત દેવદૂત રોકાણકારોને તેમના સૂચનો માટે મોકલવામાં આવ્યો છે.

## પ્રકાશ- સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક/વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 9,000/- | 5,000/- |
| અડધું પાનું | 160 x 111 mm | 5,000/- | 2,700/- |
| પા પાનું | 77 x 111 mm | 3,000/- | 1,500/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | - | 800/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | 450/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.

For NEFT Transfer
Type of Account : Saving
Account Number : 002001003686
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
IFSC Code : ICIC00ARIHT
MICR Code : 400800003
Name of the Account: C D O Prakash Samiksha Samiti
For Mobile App Transfer
Our MMID Code : 8359036
Our Cell Number : 9324618606
You must write seprate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers- Just give your Subscription Number for New Subscribers - Give full address as per above guidlines

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ પૂરું સરનામું ઉપર મુજબની સુચના પ્રમાણે લખીમોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવું.
ચેક at par મુંબઈ હોવો જોઈએ.

## પરદેશમાં પ્રકાશ સમીક્ષા

વિદેશમાં વસતા કેટલાક જ્ઞાતિજનોએ પ્રxસના અંકો પોસ્ટ દ્વારા મંગાવવાનું શરૂ કર્યુ છે. આવા અન્ય ઈચ્છુક જ્ઞાતિજનો પોતે અથવા અત્રે દેશમાં વસતા તેમના સંબંધીઓ મારફતે રૂા.૨૫૦૦/-નું વાર્ષિક લવાજમ ભરી શકે છે. ભવિષ્યમાં વિદેશ માટેના પોસ્ટેજ ચાર્જીસમાં વધારો થશે તો ઉક્ત લવાજમમાં પણ વધારો કરાશે તેની નોંધ લેવા વિનંતિ.

ચાલો જહેમતે જાળવીએ આગવું દશાઈ કૌવત, આગવું દશાઈ ગૌરવ
ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (શાહ) • કૌશલ ઉત્તમભાઈ ખોના (શાહ)
મો. 098225 30391 મો. 088057 55551
યુ. કે. ખીમજી એન્ડ કાં. હળદર - જનરલ વ્યાપારી
વસંત માર્કેટ યાર્ડ, સાંગલી, મહારાષ્ટ્ર.



સંવત ૨૦૭૨ ॥ શ્રી આદિનાથાય નમો નમઃ ॥ સન ૨૦૧૫

# શ્રી કચ્છી દશા ઓશવાલ સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ

કચ્છ સાંયરા, પોસ્ટ કોઠારા, તા. અબડાસા, કચ્છ - ૩૭૦ ૬૪૫ ફોનઃ ૦૨૮૩૧-૨૮૨૩૧૮

તા.: ૧૦-૧૨-૨૦૧૫



## સાંયરા નગરે આવ્યાં રૂડા અવસર સોહામણાં, આદિનાથ જિનાલયની ૧૩૮મી ધ્વજારોહણે કરશું ઓવરણાં...

ધર્માનુરાગી ભાઈઓ અને બહેનો,

સાંયરા તિર્થે દેવાધિદેવ શ્રી આદિનાથ દાદાના નયનરમ્ય જિનાલયની **૧૩૮મી વર્ષગાંઠ**ના ધ્વજા મહોત્સવ પ્રસંગે ફાગણ સુદ-૧, બુધવાર તા. ૦૯-૦૩-૨૦૧૬ થી ફાગણ સુદ-૩, શુક્રવાર તા. ૧૧-૦૩-૨૦૧૬ના ભવ્યાતિભવ્ય ત્રિહાનિકા મહોત્સવ આપણાં માદરે વતન સાંયરા ગામના ખુશનુમાં શિયાળાની ગુલાબી ઠંડીમાં પ્રભુભક્તિ, ગુરૂ ભક્તિ અને સાધર્મિક ભક્તિના ત્રિવેણી સંગમમાં આનંદ-ઉમંગ, અને ઉત્સાહથી ઉજવણી કરવા સમગ્ર સાંયરાવાસી, નિયાણી બહેનો, સ્નેહી સ્વજન, મહાજન, અને સકળ સંઘને પાંજી માતૃભુમિ સાંયરા ગામે બહોળી સંખ્યામાં પધારવા નેહભર્યું નિમંત્રણ છે. સાંયરા ગામે આપનું આગમન અમારે મનભાવન...

### -: કાર્યક્રમની રૂપરેખા :-

| | |
|---|---|
| **બુધવાર, તા. ૯-૩-૨૦૧૬** | બપોરના ૩.૦૦ ક. શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પુજા |
| **ગુરૂવાર, તા. ૧૦-૩-૨૦૧૬** | બપોરના ૧૨.૩૯ ક. ૧૮ અભિષેક, શાંતી કળશ, આરતી, મંગલ દિવો |
| | સાંજના ૭.૦૦ ક. પ્રભુ ભક્તિ, ભાવના, રાસની રમઝટ |
| **શુક્રવાર, તા. ૧૧-૩-૨૦૧૬** | સવારના ૭.૦૦ ક. ભવ્યાતિભવ્ય ધ્વજા મહોત્સવની ઐતિહાસીક રથ યાત્રા, ઢોલ-શરણાઈ, સાંયરા મહાજન, સકળ સંઘ આમંત્રિત મહેમાનની સંગાથે. |
| | સવારના ૯.૦૦ ક. સત્તરભેદી પુજા |
| | બપોરના ૧૨.૩૯ ક. વિજય મુહુર્તે ધ્વજા રોહણ |

● **ત્રિહાનિકા મહોત્વસવમાં વિધિકાર - સંગીતકાર શ્રી કિશોર સાંગાર - ગુણપુરીવાલા વિધિ વિધાન સહીત રમઝટ બોલાવશે.**

સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલનમાં ત્રિહાનિકા મહોત્સવના ધ્વજાના ચડાવાના આદેશ આપવામાં આવશે.

ત્રિહાનિકા મહોત્સવના **મુખ્ય સ્થંભ દાતા રૂા. ૧,૧૧,૦૦૦/-**, **ડાયમંડ દાતા રૂા. ૫,૦૦૦/-**, **ગોલ્ડન દાતા રૂા. ૩,૦૦૦/- અને સિલ્વર દાતા રૂા. ૨,૦૦૦/-**નો નકરો રહેશે. આ ત્રિહાનિકા મહોત્સવમાં દાતાશ્રી બનવાનો અમુલ્ય લાભ લેવા નમ્ર વિનંતી છે.

### યાત્રા - પ્રવાસ

ત્રિહાનિકા મહોત્સવના પુર્ણાહુતી બાદ તિર્થયાત્રા ભુજ થી અમદાવાદ, ઉદયપુર, અજમેર, જયપુર, જોધપુર, ઓશિયાજી, રણુજા, નાકોડા, મહુડી, અમદાવાદ **તા. ૧૧-૦૩-૨૦૧૬ થી તા. ૧૬-૦૩-૨૦૧૬** યાત્રા પ્રવાસનો નકરો વ્યક્તિ દિઠ રૂા. ૫૦૦૦/- રહેશે. ધ્વજા મહોત્સવમાં હાજરી આપનાર જ આ યાત્રા પ્રવાસમાં વહેલો તે પહેલો એ ધોરણે નામ લેવામાં આવશે. આપના નામ વેળાસર લખાવવા નમ્ર વિનંતી છે.

**શ્રી ક.દ.ઓ. સાંયરા જૈન મહાજન ટ્રસ્ટ - ધાર્મિક સમિતીના જય જિનેન્દ્ર !**

**શ્રી વાલજી હીરજી ખોના - 098204 38784 શ્રી રતિલાલ દામજી ધ્રોળ - 098208 65806**
**શ્રી દિનેશ મેઘજી પટેલ - 098206 78051 શ્રી હીરાચંદ ચત્રભુજ શાહ - 098191 70470**

UPASANA-9820167767



## પ્રશ્નો આપણા/આપના : માર્ગદર્શન પૂજ્ય જયદર્શિતાશ્રીજીનું

**પ્રકાશ સમીક્ષાના આમંત્રણથી પૂ.સા.શ્રી ડૉ. જયદર્શિતાશ્રીજી મ.સા.એ ધર્મ અંગે સાચી સમજ કેળવવા ઈચ્છતા શ્રાવક-શ્રાવિકાઓ માટે તેમના પ્રશ્નોના સરળ ઉત્તર આપવાનું સ્વિકાર્યું છે. જ્ઞાતિજનોને તેમના ધર્મ જ્ઞાનનો પુરો લાભ લેવા નમ્ર વિનંતી.**

શ્રાવક-શ્રાવિકાઓને પોતાના પ્રશ્ન પ્રકાશ સમીક્ષાની ઓફિસને સરનામે કે E-mail ID : kdoprakash@gmail.com પર મોકલવા, જેના ઉત્તર તેની અગત્યતા પ્રમાણે અપાશે.

**પ્રશ્ન- જિન પૂજાનો આગમોક્ત વિધિ શું છે ?**

**ઉત્તર** - જિનાગમમાં પ્રભાવતી સ્નાનાદિ પછી ત્રિસંધ્યા પૂજા કરતી હતી એમ જણાવ્યું છે. તેથી ત્રિસંધ્યા પૂજા કરવાની છે. પરંતુ ક્યારેક સમયસર ન થાય તો આગળ પાછળ પણ થઈ શકે છે. પંચાશકમાં પૂજા માટે જણાવ્યુ છે કે ઉત્સર્ગથી પૂજાકાળ ત્રિસંધ્યા છે. અપવાદિ પૂજાકાળ તે પોતાના ધંધામાં હરકત ન કરે એવી જાણવી.

**પ્રશ્ન - ત્રણ સંધ્યા એટલે શું ?**

**ઉત્તર** - દિવસના એક ભાગ સાથે બીજા ભાગનું જોડાણ એટલે સંધિકાળ તે સંધ્યા કહેવાય છે. રાત્રીનું દિવસ સાથેનું જોડાણ તે સવારનો સમય તે પ્રથમ સંધ્યા સવાર અને બપોરનું જોડાણ તે મધ્યાહનનો સમય તે બીજી સંધ્યા બપોર, અને રાત્રીનું જોડાણ તે સાંજનો સમય તે ત્રીજી સંધ્યા જાણવી. પ્રભાવતીની જેમ શ્રાવકે ત્રણ સંધ્યાએ (સવાર -બપોર-સાંજ) પૂજા કરવી જોઈએ.

**પ્રશ્ન- ત્રણ સંધ્યાએ કઈ કઈ પૂજા કરવી જોઈએ ?**

**ઉત્તર**-ત્રણ સંધ્યાએ કઈ કઈ પૂજા કરવાની હોય છે તે જાણતા પહેલાં એ જાણવું જરૂરી છે કે અચલગચ્છમાં વર્તમાનમાં પ્રવર્તતી અષ્ટપ્રકારી પૂજાને માન્યતા આપવામાં આવી નથી. અચલગચ્છમાં પ્રાચીન સત્તરભેદિ પૂજાને માન્યતા આપવામાં આવી છે. આગમમાં સૂર્યાભદેવ અને દ્રોપદીના અધિકારમાં

॥ શ્રી મહાવીર સ્વામીને નમઃ ॥ ॥ શ્રી સુવિધિનાથાય નમઃ ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ ॥

# શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન

જખૌ મહાજન Estd. 1966

(રજીસ્ટ્રેશન નંબર A 1106 (કચ્છ) તા. ૨૮-૯-૬૬)

હેડ ઓફીસ : શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, અબડાસા (કચ્છ) - ૩૭૦ ૬૪૦. ફોન : (૦૨૮૩૧) ૨૮૭૨૨૪

## વાર્ષિક સામાન્ય સભા

તા. ૧૦/૧૨/૨૦૧૫

પ્રતિ,
જખૌ મહાજન સભ્યો જોગ,

જય જીનેંદ્ર સાથે જણાવવાનું કે મહાજનશ્રી ની વાર્ષિક સામાન્ય સભા રવિવાર તા. ૧૦/૧/૨૦૧૬, બપોરના ૩.૦૦ કલાકે, શ્રી કચ્છી રાજગોર મિત્ર મંડળ, લવકુશ બિલ્ડીંગ, ૨જે માળે, રૂમ નં.૬, કિર્તી મહેલ હોટેલની સામે, પાંચ રસ્તા, મુલુંડ (વે), મુંબઈ-૮૦ ખાતે બોલાવવામાં આવેલ છે.

એજેન્ડા

૧. ૮-૨-૨૦૧૫ ની મીટીંગ ની મીનીટસ નું વાંચન અને બહાલી.
૨. મહાજન ના વર્ષ ૨૦૧૪-૨૦૧૫ ઓડીટેડ હીસાબોની રજુઆત અને બહાલી.
૩. વર્ષ ૨૦૧૫-૨૦૧૬ માટે ઓડીટર ની નીમણુક કરવાબાબત.
૪. શ્રી જખૌ દેરાસરજી ટ્રસ્ટના અધિકારીઓ દ્વારા મહાજનશ્રી અને બંધારણની થતી અવઘણના બાબત.
૫ આવક - જાવક પત્રોનું વાંચન.
૬. પ્રમુખશ્રી ની મંજુરીથી જે કોઈ વિશય રજુ થાય તે બાબત ચર્ચા વિચારણા.

નોંધ : કોરમ ના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ એજ સ્થળે મળશે જે માટે કોરમ ની જરૂર રહેશે નહી તથા એજેન્ડા મુજબ કાર્યવાહી આગળ વધારાશે જેનો નીર્ણય સર્વે સભ્યોને માન્ય રહેશે.

લી.
શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ જખૌ મહાજન વતી
શ્રી કેશરસીંહ આણંદજી ખોના શ્રી નીલેશ (નયન) રમેશ મોમાયા
માનદ્ મંત્રીઓ

|| શ્રી પદ્મપ્રભ સ્વામિને નમઃ ||

શ્રી ચાલીસગામ તીર્થે

# શ્રી મહુલેશ્વર પાર્શ્વનાથપ્રભુજીની પોષ દશમ

સહ

સેવાભાવી, સરળ સ્વભાવી

## પ.પૂ.ગુણલક્ષ્મીશ્રીજી

## મ.સા.ના. જીવીત મહોત્સવ પ્રસંગે

# ભાવભર્યુ આમંત્રણ

નવકારમંત્ર આરાધક, જિન ભક્ત, ગુરભક્ત શ્રી ______________________

સાદર પ્રણામ - જય જિનેન્દ્ર સહ જણાવવાનું જે માગસર વદ ૯-૧૦-૧૧ રવિ-સોમ-મંગલ તા. ૩-૪-૫ જાનેવારી ૨૦૧૬ ના શ્રી પદ્મપ્રભુ જિનાલયે, તપસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ. સા. ના. આજ્ઞાનુવર્તીની આગમ અભ્યાસી પ. પૂ. મુક્તિશ્રીજી મ. સા. ના. સુશિષ્યા પ.પૂ. ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની શુભ નિશ્રામાં ત્રયાહ્નિકા મહોત્સવનું આયોજન કરેલ છે. પોષ દસમ નિમિત્તે અઠ્ઠમ તપ એવં એકાસણાની આરાધના કરવામાટે સહુ તપસ્વીઓને પધારવા હાર્દિક આમંત્રણ છે.

### -: ત્રયાહ્નિકા મહોત્સવનો મંગલમય કાર્યક્રમ :-

| | | |
|---|---|---|
| માગસદર વદ ૯<br>રવિવાર ૩ જાને. | ૭-૦૦ કલાકે - સ્નાત્ર પૂજા, ૯-૦૦ કલાકે - વ્યાખ્યાન<br>૨-૦૦ કલાકે - શ્રી શત્રુંજય તીર્થની ભાવયાત્રા<br>જિનાલય શણગાર - મહાપૂજા<br>સાંજે ૭-૦૦ કલાકે - કુમારપાળ રાજાની આરતી, આંગી-ભાવના | <br>એક જિનભક્ત પરિવાર<br>એક જિનભક્ત પરિવાર |
| માગસર વદ ૧૦<br>સોમવાર ૪ જાને. | ૭-૦૦ કલાકે - સ્નાત્ર પૂજા,<br>૯-૦૦ કલાકે - શ્રી વર્ધમાન શક્રસ્તવ અભિષેક<br>૩-૦૦ કલાકે - પ.પૂ.ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.સંયમ અનુમોદના<br>સાંજે ૭-૦૦ કલાકે - આંગી-ભાવના | <br>શ્રી સંઘ |
| માગસર વદ ૧૧<br>મંગળવાર ૫ જાને. | ૭-૦૦ કલાકે - સ્નાત્ર પૂજા, ૯-૦૦ કલાકે - વ્યાખ્યાન<br>૧૨-૩૯ કલાકે - શ્રી પાર્શ્વ પદ્માવતી પૂજન<br>સાંજે ૭-૦૦ કલાકે - આંગી-ભાવના | <br>મા. જયાબેન ઝવેરચંદ વેલજી મોમાયા<br>(સાંયરા) ચાલીસગામ |
| માગસદર વદ ૧૨<br>બુધવાર ૬ જાને. | સવારના ૮-૦૦ કલાકે - તપસ્વીઓના પારણા | લાભાર્થી તપભક્ત પરિવાર |

મહોત્સવના ત્રણે દિવસ આખા દિવસની સાધર્મિક ભક્તિ રાખવામાં આવેલ છે. મહોત્સવ દરમ્યાન સંગીતકાર શ્રી ભાવેશભાઇ નાસિકવાલા પધારશે. શ્રી પાર્શ્વ-પદ્માવતી પૂજન માટે વિધિકાર શ્રી કેશવજીભાઇ ગડા પધારશે. તપસ્વીઓએ પોતાના નામ મોડામાં મોડા તા. ૨૫ ડિસેંબર ૨૦૧૫ સુધી લખાવવા વિનંતી.

**પ.પૂ. શ્રી ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ના. સંસારી સગાસંબંધીઓ તથા ચાલીસગામના નીયાણી બહેનોને કાર્યક્રમ માં પધારવા ભાવભર્યુ આમંત્રણ !**

### સંપર્ક સૂત્ર

| | | |
|---|---|---|
| શા. ઇન્દ્રેશ દેવજી પોલડિયા | સૌ. દીપા મનિષ મોડાયા | સૌ. રેખા લલિત મોમાયા |
| ૯૦૨૮૨૪૨૪૮૪ | ૯૪૨૨૭૮૩૨૦૮ | ૯૪૨૩૯૭૮૫૯૮ |

**લી. શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, ચાલીસગામ**

શ્રી પદ્મપ્રભસ્વામી જિનાલય, સ્ટેશન રોડ, ચાલીસગામ - ૪૨૪ ૧૦૧

અષ્ટપ્રકારી નથી કહી પરંતુ સત્તરભેદી જ કહી છે.

આ સત્તરભેદી પૂજામાં નીચે મુજબ સત્તર પૂજાઓ જણાવવામાં આવી છે

(૧) જલ પૂજન (૨) વિલેપન પૂજા (૩) ચક્ષુ યુગલ /વસ્ત્ર યુગલ પૂજા (૪) સુગંધ વાસ પૂજા (૫) (છૂટા) પુષ્પ પૂજા (૬) પંચવર્ણ પુષ્પ પૂજા/પુષ્પ માળા પૂજા (૭) કુસુમ આંગી રચના પૂજા(૮) ચૂર્ણ-બરાસ પૂજા (૯) ધ્વજા પૂજા (૧૦) આભરણ પૂજા (૧૧) ફુલઘર/પુષ્પ ગૃહ પૂજા (૧૨) ફુલોનો મેઘ વરસાવવાની પૂજા (૧૩) અષ્ટમંગલ પૂજા (૧૪) ધૂપ પૂજા (૧૫) સ્તવન ગીત પૂજા (૧૬) નાટક/નૃત્ય પૂજા અને (૧૭) સર્વ વાજિંત્ર પૂજા.

આ પૂજાઓમાંથી સવારના પ્રથમ સંધ્યા પૂજામાં પ્રભુજીનું નિર્માલય ઉતારી, મોરપીંછથી પોંજીને વાસક્ષેપ પૂજા થાય છે.

બીજી મધ્યાહ્ન પૂજા એટલે જ બીજા સંધ્યામાં સર્વ સત્તર પ્રકારની પૂજા થાય છે.

ત્રીજી સાંજની સંધ્યા પૂજા, સ્તવન -ગીત પૂજા (ભાવના),નાટક કે નૃત્ય પૂજા (ચામરાદિ નૃત્ય) તથા સર્વ વાજિંત્ર પૂજા થાય છે.

ઉત્સર્ગ માર્ગથી ત્રણ સંધ્યાએજ પૂજા કરવી પણ અપવાદે આગળ પાછળ પણ થઇ શકે છે.


**।। જય જયશ્રી ભીડભંજન પાર્શ્વનાથાય નમઃ ।।**

**રંગપુર નગરે**

**૧૮ અભિષેક – ધ્વજારોહણ નિમંત્રણ**

**શ્રી રંગપુર (જી. જામનગર) નગરે નૂતન શિખરબંધ જિનાલયની ૨૭મી વર્ષગાંઠ નિમિત્તે વિ. સં.૨૦૭૨ વૈશાખ સુદ ૧૦ને સોમવાર તા. ૧૬-૦૫-૨૦૧૬ના ૧૮ અભિષેક તથા વૈશાખ સુદ ૧૧ને મંગળવાર, તા. ૧૭-૦૫-૨૦૧૬ના ધ્વજારોહણ ઉત્સવ ઉજવાશે.**

**આ પ્રસંગે રંગપુરવાસીઓ તથા નિયાણી બ્હેનોને સહપરિવાર પધારવા આત્મીય આમંત્રણ છે. વેકેશન અને રેલ્વેના નિયમ પ્રમાણે ૪ મહિના પહેલાં ટીકીટ મળતી હોવાથી આગોતરૂ આમંત્રણ સ્વીકારી આપ સર્વેને આપના પ્રવાસનું આયોજન કરી પધારવા વિશેષ ભલામણ.**

**શ્રી રંગપુર નગરે અતિથિગૃહ તથા ભોજનશાળાની સુવિધા છેલ્લા ૬ વર્ષથી અવિરત ચાલુ છે આપ સૌના સાથ સહકારની આશા સાથે.**

**લી.**

**શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન શ્રી ભીડભંજન પાર્શ્વનાથ દેરાસર અને મહાજનવાડી ટ્રસ્ટ**


**પ્રશ્ન- દીપક પૂજા કરવી કે નહી ?**

**ઉત્તર-** દીપક પૂજા શાસ્ત્રોમાં (આગમોમાં) કહી નથી એટલે ન કરવી. અંધારું હોય તો પ્રભુ પ્રતિમાજીના દર્શન માટે દીપક કરાય છે, પરંતુ પૂજા અર્થે ન કરવો.

**પ્રશ્ન-રાયપસેણી વગેરે સૂત્રોમાં તો દેવતાના અધિકારે રૂપા(ચાંદી)ના તંદુલ જ લખેલ છે તો બીજા કેમ ચડાવાય ?**

**ઉત્તર-** પોતાની શક્તિ પ્રમાણે બીજા તંદુલ ચડાવે તે પણ રજતમય લેખવા. સહુ પોતાની શક્તિ અને ભક્તિ અનુસાર પૂજા કરે. દેવોની સવિશેષ ઋદ્ધિ હોવાથી તે રજતમય તંદુલ ચડાવે. શ્રેણિક મહારાજા નિત્ય સોનાના જવલાથી સાથિયો કરતા હતા. આજે પણ અવસરે ઋદ્ધિવંત શ્રાવકો રૂપાના તાંદુલથી સાથિયો કરતા દેખાય છે. શક્તિ પ્રમાણે ભક્તિ કરતાં સામાન્ય તાંદુલ પણ ચઢાવી શકાય છે.

**પ્રશ્ન-ભગવંતના જન્મ મહોત્સવમાં મેરુ ઉપર દેવો રૂપા,સોના,રૂપા,રત્ન,મણિ,આભરણ,પત્ર,પુષ્પ,ફ ળ,બીજ ને સુગંધિ ચુર્ણની વૃષ્ટિ કરે છે એમ જંબૂદીદ્વિપન્નત્તિમાં કહેલ છે. તો ફળપૂજા અને બીજજી પૂજા માનવામાં શું વાંધો છે ?**

**ઉત્તર-** મેરુ ઉપર દેવો મહામહિમા જણાવવા માટે હર્ષના આવેશથી રૂપા વિગેરેની વૃષ્ટિ જ કરે છે, પૂજા કરતા નથી .પૂજા કરતા હોય તો થાળ વગેરેમાં ઢગલો કરીને તે ચઢાવવા જોઇએ, પણ તેમ નથી કર્યું.

વળી જેમ ત્યાં વૃષ્ટિ કરે છે તેમજ તે ચીજો અરસપરસ વહેંચવાનું પણ કહેલું છે. માટે જો પૂજામાં ચડાવેલ હોય તો તે કેમ વહેંચી શકાય ?

દેવકૃત વૃષ્ટિ અને વહેંચણના અનુસારે આજે પણ રથયાત્રાના મહોત્સવનો મહિમા સૂચવવા પત્ર,પુષ્પ,ફળ,અક્ષત તથા મિઠાઇઓની વૃષ્ટિ અને વહેંચણ શ્રાવકો કરે છે.

**ચાલીસગામ તીર્થ પોષ દસમ આરાધના**

ચાલીસગામ તીર્થ પ.પૂ.ગુણલક્ષ્મીશ્રીજી મ.સા. ની તારક નિશ્રામાં માગસર ૯.૧૦.૧૧ રવિ સોમ-મંગળ તા. ૩.૪.૫ જાનેવારીના ત્રિદિવસીય અઠ્ઠમ તથા ભક્તિ મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. જે પણ આરાધકોએ પોષ દસમની આરાધના કરવી હોય એમને પધારવા હાર્દિક આમંત્રણ છે. વિશેષ કાર્યક્રમ જાહેરાત પછી કરવામાં આવશે.આગમનની આગોતરી જાણ કરવામાં આવશે તો વ્યવસ્થામાં -ગમતા રહેશે.સંપર્ક સૂત્ર - શ્રી ઇન્દ્રેશ પોલડીયા -09028242484.

RAJSHREE YOGA & FAT FREE ZONE ®

Weight Management & Yoga Center

Since 1994

# રાજશ્રી યોગા અને ફેટ ફ્રી ઝોન છેલ્લા ૨૦ વર્ષથી શારિરીક તથા માનસિક તંદુરસ્તીના ક્ષેત્રે અપ્રતિમ...

તમારૂં વજન ૧૫૦ કિલો હોય કે ૨૦૦ કિલો, ગમે તેટલુ વજન અહીં ઉતરી શકે છે. ચરબી ઘટાડવા માટે કોઈ પણ ઓપરેશન કરાવવાની જરૂર નથી. અકુદરતી રીતે ઉતરેલું વજન ફરીથી વધી શકે છે, પરંતુ કુદરતી અને વૈજ્ઞાનિક રીતે ઉતરેલુ વજન વધવાની શકયતા નહિવત્ હોય છે. વજન ઉતરી ગયા પછી વજન ન વધવા માટે મેઈન્ટેન નો કોર્સ હોય છે. ચાવી તમારા હાથમાં હોય છે.જોઈએ ત્યારે એનો ઉપયોગ કરી શકો છો.

**નામ નહીં કામ બોલે છે**



પહેલાં | પછી | પહેલાં | પછી

**ટોટલ 23 કિલો વજન ઉતાર્યું ★ ટોટલ 165 ઈંચ ઉતાર્યા**

Ph:- 93233 33303, 93218 99909, 24104142

**ખાસ નોંધ : અમારા કોઈ આસીસ્ટન્ટ, આમારા દ્વારા તાલીમ લીધેલ કોઈ વ્યક્તિ કે કયાંય બ્રાન્ચ કે ફ્રેન્ચાઈઝી નથી.**
**મેડીકલ ડૉક્ટરનું માર્ગદર્શન ઉપલબ્ધ. એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી.**

૫, ધન બીલ્ડીંગ, પહેલે માળે, દાદા સાહેબ ફાલકે રોડ,
ગાડગે મહારાજ સેનેટોરિયમની સામે ભરતક્ષેત્રની ગલી માં, દાદર (ઇ), મુંબઇ -૪૦૦ ૦૧૪

વેબસાઈટ : www.rajshreeyoga.com E-mail : rajshreeyoga@gmail.com

## જો પુરૂષો ઘરકામમાં સાથ આપે અને મહિલાઓ બહારનું કામ કરી નાણા રળતી થાય તો ભારતના એકંદર ઉત્પન્નમાં ૨૦૨૫ સુધીમાં ૧૬ થી ૬૦ ટકાનો વધારો થઈ શકે એ ખરું પણ નારીના યોગ દાનનું ખરું મૂલ્ય ઘરકામને મહત્વ આપીને જ થઈ શકે

સમાજ શાસ્ત્રીઓ કહે છે કે મજબૂરી હોય ત્યાં સુધી બધા સમુદાયો તેમની સ્ત્રીઓને બહારનું કામ કરવાની છૂટ આપે છે, પણ જેવી સાનુકૂળતા આવે ત્યારે પહેલું કામ સ્ત્રીઓને ઘરકામ પર કેન્દ્રિત કરવા કહે છે.




વર્ષ ૨૦૧૧ની વસતી ગણત્રી પ્રમાણે કામ ન કરતી (નોન-વર્કિંગ) વ્યક્તિઓની સંખ્યા લગભગ ૧૩ કરોડ હતી તેમાં ૧૫ કરોડ વ્યક્તિઓ જેમણે તેઓ મુખ્યત્વે ઘરકામ કરે છે, તેમ જણાવ્યું હતું તેઓ મહિલાઓ હતી. નારીવાદી અર્થ શાસ્ત્રીઓની ગણત્રી અનુસાર, કાયદા પ્રમાણે કુશળ મજુરને લઘુત્તમ પગારે મહેનતાણું મળે છે. તેના આધારે ગણત્રી કરીએ તો દેશની 'ઘરકામ' કરતી મહિલાઓના કામની કિંમત વર્ષ ૧૫ લાખ કરોડ થાય !

અલબત્ત, આપણી આ રૂઠ માનસની આર્થિક કિંમત કેટલી છે, સ્ત્રીઓને તેમની ક્ષમતાનો ઉપયોગ ન કરવા દઈ સમાજને રોજ કેટલું ગુમાવે છે તેનો આપણને અંદાજ નથી.

થોડા સમય પહેલાં મેકકિન્સેએ 'સમકક્ષતાની શક્તિ : મહિલાની સમાનતા કેવી રીતે જાગતિક વૃધ્ધિમાં અબજો રૂપિયાનો ફાળો આપી શકે. એવો અહેવાલ પ્રગટ કર્યો.

મહિલા તરફી અર્થશાસ્ત્રીઓ - સમાજ શાસ્ત્રીઓ આ અહેવાલના સૂચિતાર્થો વિશે અભ્યાસુ મંતવ્યો રજૂ કરી રહ્યા છે.

તાજેતરમાં અમૃતા નાંદી અને રોહિણી હેન્સમન નામના સમાજવિજ્ઞાનીઓએ આની સારી છણાવટ કરી છે.

આ છણાવટ કરતાં તેમણે કહ્યું આખી વાતને તેના સામાજિક કૌટુંબિક એમ બધાં પાસાં સાથે જોવાની જરૂર છે. એ વાત ખરી કે જો પુરૂષો ઘરકામમાં સહયોગ આપે અને તેથી ઘરકામના બોજથી મુક્ત થયેલ મહિલા બહાર પોતાની ક્ષમતા પ્રમાણેનું રળી આપે તો અર્થતંત્રને ફાયદો થાય.

પણ સાથે સાથે એ પણ વિચારવાનું છે કે પુરૂષ બહાર જઈએ રળી શકે છે કેમકે સ્ત્રી તેને ઘરકામ દ્વારા ટેકો આપે છે. જો સ્ત્રીઓ આ ટેકો આપવાનું બંધ કરે તો પુરૂષોને ઘરકામમાં વધુ સમય ફાળવવો પડશે અને તેથી તે અર્થતંત્રમાં ઓછું યોગદાન આપી શકશે.

આવા સંજોગોમાં સૌથી સારી રીત એ છે કે સ્ત્રીઓ ઘરકામ વ્દારા જે યોગદાન આપે છે તેને મહત્વ અપાય, તેનો મૂલ્યવાન મનાય.

એકંદરે જોતાં મહિલાઓના કામનું મૂલ્ય કરતી વખતે માત્ર આર્થિક બાબતો જ નહીં માનવ અધિકારો, સ્ત્રીના વ્યક્તિત્વ વિકાસના અધિકાર તથા સ્વાયત્તતા વગેરે મુદા પણ ધ્યાનમાં લેવા જોઈએ.

આમ કરશું તો જ તે દેશના અને ઘરના અર્થતંત્રમાં જે દેખીતો ફાળો આપે તેની સાથે જે આડકતરો ફાળો આપે તેની ય કદર કરી શકશું અને પારિવારિક - સામાજિક જીવનમાં સમસ્યા ઊભી કર્યા વગર મહિલાના ઘરકામની અને બહારકામની યોગ્ય કદર કરી તેની ક્ષમતા તથા વ્યક્તિત્વના પૂર્ણ વિકાસની તક આપી શકાશે.

### નેત્રદીપક તંત્રી લેખ

દીવાળી વખતે પ્રગટ થયેલ અંક ૪૫ અને ૪૬નો તંત્રી લેખ નેત્ર દીપક રહ્યો. ઝીણી બાજ નજરથી જ્ઞાતિની કોઈ પણ મહત્વની બાબત સ્પર્શાયા વિના ન રહી.

મસ્જીદ બંદર પરની શ્રી ખેતશી ચત્રભોજ ખીંયશી અજાણી વિદ્યાલય તથા તેની મિલકતોના વહીવટ બાબત સંબાધિતોની ચૂપકીદી પ્રત્યે અંગુલી નિર્દેશ કરી જ્ઞાતિ માલીકીની અબજોની માલમત્તા પ્રત્યે આંખ આડા કાનની ઘર કરી ગયેલી દાયકાઓ જૂની બાલીશ પ્રણાલિકા તુટે તો સારું જ્ઞાતિ માટે સોનાનો સૂરજ ઊગે.

- કાંતિલાલ કેશવજી મોતા, મુલુંડ

## ક.દ.ઓ. કન્યા છાત્રાલયમાં કારકિર્દી માર્ગદર્શન કાર્યક્રમ

ક.દ.ઓ. કન્યા છાત્રાલયમાં શુક્રવાર, તા. ૨૭-૧૧-૧૫ ના કન્યાઓ માટે જણીતા વકીલ શ્રીમતી મીનલબેન ભરત ખોનાનો કારકિર્દીની યોગ્ય પસંદગી વિશેનો કાર્યક્રમ યોજાયો હતો.



ટ્રસ્ટી હિરાચંદ દંડે આવકાર વિધિ કરી. કન્યા છાત્રાલયના પ્રમુખશ્રી વિમલાબેન ગોસરે અતિથીનો પરિચય આપ્યો.

આ પ્રસંગે ટ્રસ્ટી કિરીટ લાપસીયા, ઉપપ્રમુખ શ્રીમતી લીલાબેન મધુકર લોડાયા, મંત્રી શ્રીમતી લીનાબેન વિરેન્દ્ર શાહ તેમજ કારોબારી સભ્યો શ્રીમતી મૃદુલા દંડ, શ્રીમતી સીમા શાહ, શ્રીમતી દિપ્તી ધરમશી અને શ્રીમતી જૈન ઉપસ્થિત હતા.

SANSKAR GURUKUL

Asha Niwas, Kagde Chowk, Subash Road, Dombivli West.

**Bharatiya Educational Trust's**

# Blue Birds School

**[Govt. Recognised Established 1990]**
**We just don't teach, we educate**

## Std I to SSC

**Tri-Geetanjali, Shanti Nagar,**
**Near Pandurangwadi Jain Temple,**
**Dombivli East**

We are grateful to

## Shri Nileshbhai & Kalpeshbhai Mota

**[Mota Trading Pvt Ltd]**

for providing us their premises at Dombivli West for

Educational Activities at most reasonable rent.

We also thank Community Members for their contributions and

support in our School Infra Development



**Shri Nenshibhai Ladhabhai Maheshwari**

**Shri Kiritbhai Laxmichandbhai Lapasia**

**Shri Padamshibhai Ladhubhai Soni**

**Shri Paras Chimanlal Maisheri & Family**

**Smt Anjal Nikhil Maisheri**



A warm welcome to all to join the field of School Education.

You are requested to visit the schools on any working day. You can contribute by Efforts,

Thoughts & Ideas, Funds, Premises, Teach, Study etc.

**www.sanskarGurukul.com** **email:info@SanskarGurukul.com**

**Phone: 95 94 00 55 11 / 982 082 11 11 / 993 000 18 34 / 993 00 993 53**

# કેળવણી અને આપણી જ્ઞાતિ – ૪

**રમેશ મુલજી લોડાયા** – ભરૂડિયા, મુલુંડ – 98203 36767

ધનને જ મુખ્ય મહત્વ આપતી આપણી વણિક કોમમાં અનેક લક્ષ્મીનંદનો પાક્યા છે પરંતુ સરસ્વતી ઉપાસકો તો ગણ્યા ગાંઠયા થયા છે. આવા એક શિક્ષણના ભેખધારી હતા નલીયાના શ્રી શીવજી દેવસી મઢડાવાળા. મુંબઈની સારા પગારની નોકરી છોડી પાલીતાણામાં વીરબાઈ પાઠશાળાના મેનેજર તરીકેની નોકરી માસિક રૂા. ૨૩ના પગારે સ્વીકારી, સાથે પોતાનો અભ્યાસ પણ ચાલુ રાખ્યો.

વીરબાઈ પાઠશાળા માટે પંડિતો મેળવવા બનારસ ગયા. ત્યાંની એની બેસેંટની હિંદુ કોલેજની મન ઉપર ખૂબ જ અસર થઈ. શીવજીભાઈએ જોયું કે બનારસમાં હિંદુઓના અભ્યાસ માટે અદભૂત વ્યવસ્થા છે અને ૧૦૦૦૦ જેટલા હિંદુ બાળકો ભણી શકે તેમ છે તેમજ એમને ખાવાની પીવાની અને રહેવાની સુંદર વ્યવસ્થા છે. એમને વિચાર આવ્યો કે આવી વ્યવસ્થા જૈનોના તીર્થ શંત્રુજયમાં થાય તો કેવું સારું ?

પાલીતાણા આવી શ્રી કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિની માતૃભૂમિ કચ્છ/હાલારમાં વસનારા જ્ઞાતિજનો કેળવણી અને જ્ઞાનમાં બહુ પછાત છે એમ જાણીને તેમની ઉન્નતિ કરવાના ઈરાદાથી 'શ્રી જૈન ધર્મ વિદ્યાપ્રસારક વર્ગ' નામની એક સંસ્થાની સ્થાપના શ્રી સિધ્ધક્ષેત્ર (પાલીતાણા)માં કરી. તે સંસ્થાના અંગે એક બોર્ડિંગ સ્કુલ ઉઘાડીને ફંડના પ્રમાણમાં જ્ઞાતિના વિદ્યાર્થીઓને તેમાં દાખલ કરવાનો ઠરાવ કર્યો. બોર્ડિંગ ચલાવવાનો અનુભવ માટે રાજકોટ-ગોંડલની બોર્ડિંગનો અભ્યાસ કર્યો.

શીવજીભાઈએ આ યોજનામાં પાંચ વરસ માટે દર મહિને રૂા. ૫ કુલ રૂા. ૩૦૦ આપવાની વાત પોતાના મિત્રો શ્રી રાયમલ હીરજી (નલીયા), શીવજી લધા (નલીયા), હીરજી કાનજી (નલીયા,) દામજી રાયમલ (જખૌ), માણેકજી પિતાંબર (નલીયા) અને કોડાયના ગાંગજી હેમરાજ સામે રજુ કરી. સૌએ તૈયારી બતાવી. આમ છ મિત્રોના દરેકના રૂા. ૩૦૦ના સાથથી બોર્ડિંગનો પ્લાન બનાવ્યો. ઓસમાન શેઠ અને કોચમેનના મકાનમાં ભાડેથી બોર્ડીંગ શરૂ કરવાનું નક્કી કર્યું. અડધા ભાગમાં બાળકોને રહેવાની સગવડ, બાકીના ભાગમાં પાલીતાણામાં યાત્રાએ આવનારાને રહેવાની સગવડ, જેથી એમનો સહયોગ મળે. ઉપરના ભાગમાં શીવજી ભાઈનું રહેઠાણ બોર્ડિંગના વિશાળ ચોકમાં ભજન, કિર્તન કરતા.

પાલીતાણામાંથી પ્રથમ ૫-૬ વિદ્યાર્થીઓને


।। શ્રી ગણેશાય નમઃ ।।

।। શ્રી અંબે માતાજી નમઃ ।।

।। શ્રી પુડશા દાદાય નમઃ ।। ।। શ્રી ખેતરપાળ દાદાય નમઃ ।।

**નલિયા ગામનાં મોતા ફરીયામાં બિરાજમાન**

**ધમરશી ગોત્રનાં કુળદેવી શ્રી અંબે માતાજીને નમતા**

**નલિયા - જખૌ - સાંયરા તથા છાદુરા ગામનાં પરિવારો જોગ**

જય માતાજી સાથે જણાવવાનું કે

શ્રી અંબે માં, શ્રી ખેતરપાર દાદા તથા શ્રી પુડશા દાદા ની સમુહ પહેડી

ચૈત્ર શુદ ૧૩। તા. ૧૯/૪/૨૦૧૬ ને મંગળવારનાં સવારનાં ચડતે પહોર નલિયા સ્થાને રાખેલ છે.

**સર્વે ભાવિકો નિયાણી બહેનોને સહપરિવાર સાથે પધારવા ભાવભર્યું આમંત્રણ.**

**અમૃત ભરેલો અંતર જેંજો ને સાગર થી વડો આય સત,**
**ધરમશી કુળજી ચડતી રખે, સદાય કુળદેવી શ્રી અંબે માત**

નોંધ : બહોળી સંખ્યામાં પધારવા વિનંતી સગવડતામાં સુગમતા રહે એ માટે અગાઉથી જાણ કરશોજી

એજ લી. **ધરમશી પરિવારના જય જિનેન્દ્ર**

| | | | |
|---|---|---|---|
| **શા. ધર્મેશ જાદવજી ધરમશી** | – | ઘાટકોપર | **098338 72899** |
| **શા. અશ્વીનભાઈ કેશવજી ધરમશી** | – | યેવતમાલ | **098224 69777** |
| **શા. દીપેશ લક્ષ્મીચંદ મોમાયા** | – | ડોંબીવલી | **093230 03032** |

અભ્યાસગૃહમાં રાખ્યા. પાછળથી સંખ્યા વધીને ૧૭ થઈ. અષાઢ સુદ પુનમ સં. ૧૯૫૯ (સને ૧૯૦૩)માં બોર્ડિંગની સ્થાપના થઈ. તળેટીના બ્રાહ્મણોએ આ બાળકોના અભ્યાસમાં નડતર ઊભું કર્યું એટલે સંખ્યા ઘટીને ૪-૫ની થઈ. રૂા. ૧૮૦૦ની મૂડી કેટલો સમય ચાલે. નિભાવ માટે ટેકી સ્વભાવ હોવા છતાં માંગવાનું ચાલુ કર્યું.

**મરી જાઉં પણ માગું નહિ, નીજ તન કે કાજ,**
**પરમારથ કે કારણ, માંગતા ન આવે લાજ.**

ભણતર છોડી નિરાધાર બાળકોને આશ્રય મળે એવા શુભ હેતુથી ભાટ-ચારણ માફક ભમી ભમી પાલીતાણા આવતા યાત્રાળુ આગળ હાથ લંબાવવા લાગ્યા. અનેક સારા માણસોનો સાથ મળ્યો તો નીંદા કરનારાઓનો પણ તોટો ન હતો. પરંતુ પોતાનાં નિર્ધારમાં મક્કમ રહ્યા.

જ્ઞાતિના બાળકો મેળવવા કચ્છનાં ગામડે ગામડે કર્યા. ૩૧ બાળકોને કચ્છમાંથી લાવ્યા. કચ્છથી જામનગર અને જામનગરથી રેલ રસ્તે બાળકોને પાલીતાણા લાવ્યા. રસોઈ માટે શીવજી ભાઈના પિતાના મોટાભાઈ દેવણાંધબાપાને લાવ્યા. આ કાર્યમાં વેલજી પસાયા, પાસવીર અરજણ અને ગંગાધર લધાનો સહકાર મળ્યો. કચ્છનાં ૩૧ બાળકો અને પાલીતાણાના ૪ નમાયા બાળકો મળી ૩૫ જણાથી બોર્ડિંગ શરૂ થઈ. શીવજીભાઈ તેમના ભાઈ કુંવરજીભાઈ (બન્ને પુત્રાનો જેમ બાળકોનું ધ્યાન રાખતા. બોર્ડિંગનો નિયમ દરેક વિદ્યાર્થીને પુનમ-અમાસે ડુંગર ચઢી ફરજિયાત યાત્રા કરવી. બાળકો પાલીતાણા સ્ટેટની ગુજરાતી સ્કુલમાં દિવસે ભણે, રાત્રે ટ્યુશન અને સવારમાં ધર્મ શિક્ષણ. દરેક બાળકોને ૪ બંડી, ર ડગલા, ર ટોપી, ર ધોતિયા, ઓછાડ, ગાદલું, ગોદડું, બનુસ, છત્રી વિગેરે સંસ્થા તરફથી આપતા. મોટા એટલે ભાગનાં છાત્રો ફીમાં હતા.

મુડી ખાસ હતી નહિં બોર્ડિંગ ચલાવવું ખુબ કઠિન. પાલીતાણા આવતા યાત્રાળુઓને સમજાવી, સત્સંગ, ભાષણોથી માંગીને ચલાવવું. પરંતુ ચોમાસામાં યાત્રાળુ મળે નહિં. મહિનાનો ખર્ચ રૂા. ૭૦૦. નાણા મેળવવા મુંબઈ આવ્યા. સર વસનજી નાઈટને સમજાવ્યા. સર વસનજી ત્રિકમજી વીરબાઈ પાઠશાળાના ટ્રસ્ટી હતા. શિવજીભાઈ ઉપર નારાજ, કહે કોને પુછીને કચ્છથી બાળકો લાવ્યા. શિવજી-ભાઈએ જ્ઞાતિની દુર્દશાનો ચિતાર શેઠને આપ્યો. શેઠે ખુશ થઈ રૂા. ર૦૦૦ આપ્યા અને દર વરસે રૂા. ૫૦૦૦ આપવાનું વચન આપ્યું. થોડો સમય પસાર થયો. એવામાં સર વસનજી શેઠે મુંબઈ તેડાવ્યા અને કાયમી ભંડોળ એકત્રિત કરવાનો વિચાર મુક્યો. વસનજી શેઠે બોર્ડિંગને પોતાનું નામ આપવાની શરતે રૂા. ૫૦૦૦૦ આપવાની વાત કરી.

શિવજીભાઈને લાગ્યું આટલી રકમના (વ્યાજમાંથી બોર્ડિંગનો વાર્ષિક નિભાવ ખર્ચ નીકળે નહિં અને એક વ્યક્તિનું નામ હોય તો અન્યો પાસેથી સહાય પુરતી મળે નહિં. આ કાર્યમાં શેઠ ખેતસી ખીંયસીએ પણ રૂા. ૫૦૦૦૦ નામની શરતે આપવાની તૈયારી બતાવી આમ બન્ને શેઠશ્રીના નામ પરથી બોર્ડિંગનું નામ ''રાવસાહેબ શેઠ વસનજી ત્રીકમજી જે.પી. તથા શેઠ ખેતસી ખીંયસી પાલીતાણા જૈન બોર્ડિંગ'' નામ અપાયું સ. ૧૯૬૦માં (ઇ.સ. ૧૯૦૪માં)

આ સંસ્થાની શરૂઆતના વરસોની વિદ્યાર્થીઓની યાદી ૯૩ જેટલી જોવા મળે છે. આપણી જ્ઞાતિ ઉપરાંત વીસા ઓસવાલ (હાલાર તથા કચ્છનાં), વીસા શ્રીમાલી, દશા શ્રીમાલી, ભોજક, ઓસવાલ યતિશ્રી આદિના સંતોનો નો સમાવેશ થાય છે. ગુજરાતી ૧ ધોરણથી ૬, અંગ્રજી ૫ ધોરણ સુધીનો અભ્યાસ ઉપરાંત સંસ્કૃત, પેઈન્તંગ, ડ્રોઈંગી, બુક બાઈન્ડીંગ, વ્યાપારી શિક્ષણ, શાસ્ત્રો-ગ્રંથાભ્યાસનું શિક્ષણ અપાતું. આમ માત્ર ર૪ વરસની ઉંમરે બોર્ડિંગની સ્થાપના દ્વારા શીવજીભાઈએ જ્ઞાતિ ઉત્થાનનું અનેરું કાર્ય સિધ્ધ કરી બતાડ્યું. એક દશકા સુધી આ બોર્ડિંગ અનેક બાળકોને શિક્ષણ આપ્યું. આ સંસ્થામાંથી કચ્છ નલીયાના શીવજી ચત્રભુજ જેવા ગ્રેજ્યુએટ થયા, ભુજપુરના હીરજી શીવજી જેવા માટુંગા વીસા ઓસવાલ બોર્ડિંગના મંત્રી, મેઘજી હીરજી અને લાલજી હીરજી જેવા જ્ઞાન પ્રચારકો (બુકસેલર) થયા.

પાલીતાણામાં થોડા વરસો બાદ મરકીનો રોગચાળો ફેલાયો. બાળકોને સલામતી ખાતર ગામથી એકાદ ગાઉ દૂર લઈ ગયા અને ઘાસથી એક હોલ બાંધ્યો. નદી કિનારાથી ખાસ્સો દૂર વસવાટ હતો પરંતુ સવંત ૧૯૬૯માં (ઈ.સ. ૧૯૧૩ માં) સૌરાષ્ટ્રમાં અતિ વર્ષા થઈ. શેત્રુંજી નદી ગાંડી તૂર બની. કિનારાથી દૂર આવેલી બોર્ડિંગને પણ તાણી ગઈ. શીવજીભાઈ ત્યારે મઢડામાં હતા. તેમના નાનાભાઈ કુંવરજીભાઈ બોર્ડિંગ સંભાળતા હતા એમણે બાળકોને બચાવવા ભગીરથ પ્રયાસ કર્યો. એક પછી એક એમ ૧૯ બાળકોને ઝાડ ઉપર ચઢાવ્યા. પોતાના પરિવારની પણ દરકાર ન કરી. પુરમાં પોતાની પત્ની, પોતાનો એકનો એક પુત્ર તથા ભત્રીજી (શિવજીભાઈની પુત્રી) તણાઈ ગયા. કુંવરજીભાઈ ધારત તો એમને પહેલા બચાવી શક્યા હોત. પરંતુ એમણે જ્ઞાતિધર્મને પ્રાધાન્ય આપ્યું. કુંવરજીભાઈના અદભૂત સાહસની એ વખતનાં બધા સમાચાર પત્રોએ નોંધ લીધી. પૂ. મહાત્મા ગાંધી એ વખતે દક્ષિણ આફ્રિકામાં એક પત્ર ચલાવતા હતા તેમાં પણ નોંધ લેવાઈ શ્રી વિદ્યા પ્રસારક વર્ગે કુંવરજીભાઈને સુવર્ણ ચંદ્રક આપ્યો. શેઠશ્રી ખેતસી ખીંયસી ધુલાએ રૂા.૧૦૦૦નું પારિતોષિક આપ્યું. આ રકમ એ જમાનામાં ઘણી મોટી ગણાય જ્યારે કુંવરજીભાઈનો માસિક પગાર રૂા. ૪૦ હતો. ખેતસી શેઠે બોર્ડિંગને લીંબડી સ્થળાંતરિત કરી પરંતુ લાંબો સમય ચાલી નહિં. આમ આપણી જ્ઞાતિની કેળવણીની એક સુંદર સંસ્થાનો અણધાર્યો કરૂણ અંત આવ્યો. શિવજીભાઈએ વિધવાઓને શિક્ષણ આપવા સવંત ૧૯૬૬માં (ઇ.સ. ૧૯૧૦) પાલીતાણા ખાતે આશ્રમ સ્થાપેલો તેની તમામ બહેનો પુરમાં તણાઈ ગઈ.

- ક્રમશ.

## અલ્પશિક્ષિત પ્રતિભાશાળી જ્ઞાતિજનોને પ્રોત્સાહિત કરીએ

શિક્ષણ અતિ આવશ્યક તેમજ જરૂરી છે તેમાં કોઇ શંકા નથી. પરંતુ વિદ્યા દરેકને વરેલી હોતી નથી. લગભગ ૪૦% બાળકો S.S.C. માં જ અટકી ગયા છે. પરંતુ કુદરતે એમને પણ અલગ અલગ આવડત આપી હોય છે. આજે ઓછા ભણેલાઓ પણ આર્થિક રીતે ભણેલાઓ કરતા વધારે સુખી સંપન્ન છે. આપણીજ જ્ઞાતિમાં અસંખ્ય દાખલા આપી શકાય. કુદરતે ઘણાં બાળકોને કલા, કારિગીરી, રીપેરીંગ, અને વેપારમાં સાહસવૃત્તિ આપેલ છે.




આજના જમાનામાં નાના-નાના ઉદ્યોગો વેપારમાં અસંખ્ય તકો છે. ફક્ત મનમાં સંકલ્પ, દિલમાં ખંત અને જબાનમાં મીઠાસ એ માણસને આગળ લાવી શકે છે.

બાળકોએ અને તેમના વડીલો ફક્ત સોચ બદલવાની જરૂર છે. જરૂર બે ચાર વર્ષ થોડી તકલીફ દેખાશે પણ કામયાબી જરૂર મળશે.

૪૦/૫૦ વર્ષ અગાઉ કચ્છથી ફક્ત ત્રણ ચોપડી ભણેલ ભાઇ લગ્ન કરી ગદગ ગામે આવ્યા. એમને ફક્ત પેંડા અને ગુબીત બનાવતા આવડતું હતુ. બન્ને જણાએ ખુબ મહેનત કરી થોડીજ મુડીમાં કામ શરૂ કર્યુ. માલ બનાવી સવારના થેલામાં ભરી ફેરી કરી શરૂઆત કરી.

અથાગ મહેનત અને વાણીમાં મીઠાસ એમને પ્રગતિના પંથે લઇ ગઇ. આજે એ ભાઇ નથી પણ - તેમણે આ નાના ગણાતા વ્યવસાયથી ગદગ ગામમાં સારી એવી સંપત્તિ ભેગી કરી. ત્રણે સંતાનોએ ગુણવત્તા ટકાવી રાખી છે અને ગદગના પેંડા વખણાય છે. તેવીજ રીતે મુંબઇના ''મધુરી બેનના બુંદીના લાડુ અને વીણા નાગડાની મહેંદી - મદ્રાસમાં ટીના -મીના ની મહેંદી જે આજે ઉચ્ચ કક્ષાના બ્યુટીશીયન છે. આવીજ રીતે ઘણાનાં ''અથાણા'', વિવિધ ફરસાણ પ્રખ્યાત છે અને તેમણે બહુજ પ્રગતિ કરેલ છે.

જે યુવકો-યુવતીઓ પાસે કંઇ પણ આવડત હોય અને આગળ આવવાનો સંકલ્પ હોય અને ધંધાની શક્યતાઓ તપાસવા બેંગ્લોર આવવું હોય તો એવી પાંચ વ્યકિતઓ માટે ત્રણ મહિનાની રહેવાની સગવડ અને પુરેપુરો સહયોગ આપવાની ઇચ્છા ધરાવું છું. મને નિસંકોચ સંપર્ક કરવા અનુરોધ કરું છું. દિનેશ મુલજી પીર -9538927623. dineshpir@hotmail.com

## નાતમાં સતી પ્રથા અને ભાંડુપની વિરાસત !!

ઈતિહાસકાર અને લેખક શ્રી રમેશ મુલજી લોડાયા એ જ્ઞાતિ ઈતિહાસની ઘણી બધી વરવી અને ગરવી અપ્રગટ વાતોને સ્વકલમ ને કરતી પ્ર.સ.ના પાને સંભારણા કર્યા છે !

પતિ પાછળ-ઇચ્છા કે અનીચ્છાએ ચીતાએ ચઢી-બળી મરે એ સતી ! એવી વિશેષત માન્યતા છે પણ રમેશભાઈના જણાવ્યા બાદ અન્ય વિગતો પણ જાણવા મળી.

ભાંડૂપમાં જ્ઞાતિજનો સંખ્યા બંધ વિરાસતો બંગલા, પ્લોટો આદીનો ઈતિહાસ જીવંત કર્યો એ અત્યારે હોત તો ૯૦% નાત ભાંડુપમાં સમાઈને કરોડપતિઓની લાઈનમાં હોત ભાંડૂપના મહાવીરસ્વામીના દેરાસરનો સૌ પ્રથમ ફોટો જોયો ધન્યવાદ.

નાતના ઈતિહાસકારો શ્રી જેઠાબાઈ દેવજી નાગડા, શ્રી દેવજી દામજી ખોના, શ્રી જેઠાભાઈ દેવજી નાગડા, શ્રી પાર્શ્વ (પાસુભાઈ) પછી નાતની ગરિમા સમી વાતોને વાગોળી જ્ઞાતિજનોને પ્રકાશ સમીક્ષા દ્વારા વાંચી રમેશભાઈની વાતો તો વાંચકોની રસ રુચીને જળવી રાખી છે.

શેઠ શ્રી નરશી નાથા, શ્રી કેશવજી નાયક જેવા શ્રેષ્ઠીઓને નાત જાણે છે પણ નાની-મોટી પંચતીર્થી સહ નાતના હર શેઠીયાઓ એ ''ઘરા થી ધ્વજા'' સુધી સ્વ અહિંસક લક્ષ્મીએ એકલ હાથે નિર્માણ કર્યા હતા તેવા નરબંકા શ્રાવકોને અમે માત્ર નામથી ઓળખીએ છીએ કામથી નહીં. અરે એ ગામના ભાઈઓ પણ નથી જાણતા ! હમણાં જ લાલાના શ્રી ખીંયરાજ લાધા દંડનો ઈતિહાસ વાંચી રોમાંચ થયો. ઘણું બધું જાણવા-માણવા મળ્યું.

રમેશભાઈ, આપની પાસે કલમ અને એ ઇતિહાસ છે અને પ્રકાશ સમીક્ષા પ્રાધાન્ય આપે છે. લખો, જરૂરત છે.

આખાય એશીયા ખંડમાં એકલ હાથે મંદિરો-જિનાલયો ઉપાશ્રયોનું નિર્માણ આપણાં પૂર્વજો એજ કર્યું છે. જે અન્ય કોઈ નાતમાં નહીં હોય !

અને હાલ પણ હૈદરાબાદમાં નવગૃહ જિનાલયના શ્રી કિર્તીકુમાર નરશી મોમાયા - વારાપધર, અંતરજાલ અંજારમાં શ્રી શાંતિલાલ પદમશી લોડાયા, સાંયરા અને વાશીમાં ભૂમી દેનાર શ્રી ભૂપેન્દ્રભાઈ દંડ એ ચીલે ચાલી સ્વ અને એકલે હાથે નિર્માણકર્તા કર્યા છે ! કેટલું મોટું ગૌરવ ?

અન્ય નૂતન જિનાલયો તો ફુટ-થાંભલા હિસાબે સંખ્યા બંધ હાથોએ નિર્માણ પામે છે. આપણાં જ્ઞાતિજનોની તેમ એકલે હાથના નિર્માણ કર્તા કેટલા ? આપણી જ્ઞાતિ મહાન !!!

- **લહેરચંદ મૈશેરી**, લાલા - ભાંડુપ

## શ્રી મુનિસુવ્રત જિનાલય કામણ

રોડ અને રેલ રસ્તે કામણ મુંબઈના નજદીક છે. ભોજનશાળાની વ્યવસ્થા છે. નવકારશીનો પ્રબંધ ફક્ત શનિવારે કરવામાં આવે છે.

આરીસા ભવનમાં શ્રી મુનિસુવ્રત સ્વામીની શ્યામ મૂર્તિ બીરાજમાન કરાઈ છે. મૂર્તિને વાસક્ષેપ થઈ શકે છે. મૂર્તિને ત્રણ પ્રદક્ષિણા કરી શ્રી મુનિસુવ્રત સ્વામીના જાપની એક માળા તથા શનિવારે માળા ગણવાની ભક્તિમાં પ્રથા છે. ૨૧ વાર અહીં દર્શનાર્થે પધારવાની માન્યતા પરિપૂર્ણ થાય છે એવી વાયકા છે.

ટેકરીના ચઢાવના રસ્તે શિખર ઉપર શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ બીરાજમાન છે. ચઢાણ થોડું કપરું પખરુ. સંપૂર્ણ સંકુસ વિખ્યાત વ્યાખ્યાન કર્તા આચાર્ય શ્રી યશોધમ મ.સા.ની જાતીય દેખરેખ અને માર્ગદર્શનને આભારી છે.

- **કાંતીલાલ કેશવજી મોતા**

## ''સ્ટાર્ટ અપ'' એટલે શું ? – કુમાર બાબુભાઈ દંડ, તેરા – ભાંડુપ

સ્ટાર્ટ અપ (Startup) સ્ટાર્ટ અપ કંપની આ શબ્દો આજના છાપા, મેગેઝીન, નેટ, મોબાઈલ આદિમાં આવે છે. અને આપણા લાડીલા પ્રાઈમ મીનીસ્ટર મોદીજી વારે-તહેવારે એ બાબત લખતા-બોલતા હોય છે. આ સ્ટાર્ટ અપ શું છે ? સ્ટાર્ટ અપ એટલે કોઈપણ નવો વિચાર (idea) જે પ્રેક્ટીકલ હોય, વ્યવહાર જગતમાં ઉપયોગી હોય જેને આજના જમાનામાં ધંધાર્થે એક પૂર્ણ સ્વરૂપ આપી, નાણાકીય પીઠ બળ સહ એક નફાકીય ઉદદેશ સાથે, ભવિષ્યની દ્રષ્ટિ રાખી તે વિચારને મૂર્તીમંત કરવો. સ્ટાર્ટ અપના મૂળભૂત પાયા માં નવો વિચાર, નવી જાણકારી, જેનાથી આજના ધંધાકીય માળખામાં નવી સુવિધા-કુશળતા ઊભી થાય અને તેની વૃદ્ધિ-પ્રગતિ થાય.

IT (Information Technology) અને ઈમરજીંગી, બિઝનેસ એક બીજાના પૂરક છે. છેલ્લા પાંચ /દશ વર્ષો તરફ નજર કરીએ તો ભારત સહ પૂરી દૂનિયામાં ઘણા જ ફેરફાર આવ્યા છે. ટેલીફોન એક લકઝરી ચીજ હતી અને આજે માંગો ત્યારે મોબાઈલ હાજર. બહારગામના કોલ-ટ્રંક કોલ, તાર, ટેલીગ્રામ, પોસ્ટકાર્ડ - ઈનલેન્ડ લેટર વગેરે આજના યુવાનોને ખબર પણ નહીં હોય. આજે STD કે ISD એક બટનથી જોડાણ. આજે કોમ્પ્યુટર - લેપટોપ, ઝેરોક્સ, સ્કેન, ઈન્ટરનેટ, વોટ્સઅપ, નેટ પેમેન્ટ, મોબાઈલ પેમેન્ટ વગેરે ક્ષેત્રમાં ઘરખમ ફેરફાર આવી રહ્યા છે અને આવતા રહેશે.

આજે ૨૦૧૬ના નવા વર્ષે, પ્રથમ મહિનામાં બેંગલોરમાં જ્યારે KDO GLOBAL SUMMIT ON IT AND EMERGING BUSINESS થવા જઈ રહી છે, જે આપણા તીલકભાઈ (IRS) નું એક સ્વપ્ન છે. જ્ઞાતિના શેઠીયાઓ, વડીલો, ભણેલા-ગણેલા યુવાનોના સાથ સહકાર થકી આજે આ સમીટ નેશનલી નહીં પણ ઈન્ટરનેશનલી સીમા ચિન્હ સ્વરૂપે મૂર્તિમંત થશે.

K - KNOWLEDGE - BANK ઊભી કરીએ

D - DYANMIC - વિચાર શરણી ઊભી કરીએ

O - OPPERTUNITY - આપણા યુવાનો માટે નવી Oppertunity ઊભી કરવા કટિબધ્ધ બનીએ.

આપણે સહુ સાથે મળીને પોઝીટીવ સંકલ્પ કરીએ.


**શિયાળુ પાકો : ઘર પહોંચ**

**ચેંબુર સંઘના • અડદીયા પાક • ગુંદર પાક • ખજૂર પાક • મેથી પાક • ટોપરા પાક ઘર પહોંચ મેળવવા.**

**સંપર્ક : 099200 89346 / 099308 23619**


આપણા તથા આપણા બાળકોના ભવિષ્ય તથા આવનારી પેઢી માટે કાંઈક નવું વિચારીએ. આપણી બુધ્ધિશાળી જ્ઞાતિ જે મુકાદમી (Clearing-Forwarding), Transport, Cotton અને બીલ્ડર જેવી લાઈનમાં અગ્રેસર છે. ભવિષ્યનો વિચાર કરી IT અને નવા ઈમરજીંગી બિઝનેસમાં જ્ઞાતિના યુવાનો જોડાય, કાંઈક નવું વિચારે, જ્ઞાતિના સમૃધ્ધ પરિવારોનું (Angel Investors) પીઠબળ મળે તેવી શુભકામના.

આજના જેટ કરતાં પણ Fast યુગમાં આવતી કાલનું નહિં પણ પરદિવસનું વિચારવાનું હોય છે. સફળ માણસો તુક્કા જેવા લાગતા વિચારમાંથી મોટું એમ્પાયર બનાવે છે. આજના જ તાજા સમાચાર મા ફેસબુકના પ્રણેતા-માલિક મી. માર્ક ઝુકરબાર્ગ પોતાની દિકરીના જન્મ પ્રસંગે ૪૫ બીલીયન ડોલર (એક બીલીયન એટલે ૧૦૦ ક્રોડ) નું દાન કરવાનું નક્કી કર્યું છે. આજે Flipcart, Goibibo, Taxi for sure, Paytm વગેરે કેટલાય નવા પરિમાણો ઊભા થયા છે. લોકો માટે સુખ-સુવિધાના નવા સાધનો દરરોજ નવા આવે છે.

ચાલો આપણો પણ આપણામાં, આપણા બાળકોમાં રહેલી Skill ને ડેવલોપ કરીયે, આપણી વચ્ચે રહેલા ideas અને knowledge ને વહેંચીએ. સમયનો સદુઉપયોગ કરીએ, એક સશક્ત માળખું ઊભું કરીયે જેથી આવનારી પેઢી કાંઈક નવું કરી શકે, પોતાનું - પારિવારિક અને જ્ઞાતિ માટે સુખ-સમૃધ્ધિનો વિસ્તાર કરી શકે.

આજે જરૂર છે એક સાંકળની એક મંચની જેથી Startup iedas ને IT Sector ની મદદથી, ઈમરજીંગ બિઝનેસને પ્રોત્સાહન મળે, જોઈતી (high quality) knowledge મળે, મેન્ટોર (સલાહકાર) અને જોઈતી મૂડી (નાણાકીય સહાય - એંજલ ઈન્વેસ્ટર) થી આપણા યુવાનો કાંઈક નવું કરી શકે, બીલગેટ્સ, નારાયણ મૂર્તિ, માર્ક બની શકે તેવી શુભભાવના - શુભકામના - All the BEST.


**જ્યોતિ** સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

**જરી ભરતકામવાળી સાડી, ચણીયા ચોળી, હેંડ તથા મશીનવર્ક સાડીઓ, બાંધણી - ઘરચોળા કસબ, કટવર્ક, જરદોશી વર્કની બોર્ડરો તથા બ્લાઉઝ.**

**જ્યોતિ હવે માટુંગામાં જ !**

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ, માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / 93222 58574**

## આરોગ્ય પ્રકાશ : યોગાસન, પ્રાણાયામ અને ધ્યાન - ભાગ ૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા, M.B.B.S. (Bom), મુલુંડ, M : 09757303562 / 07069621931

જેમ જેમ આપણી ઉંમર વધે અને આજકાલની લાઈફ સ્ટાઈલને લીધે એટલે કે વધુ પડતા કલાક કોમ્પ્યુટર, મોબાઈલ, ટી.વી સામે બેસવું કે ખુરશી પર બેસી ટેબલ વર્ક કરવું, વધુ ફાસ્ટ ફુડ ખાવું અને કેફીનવાળા પીણાં (ચાય, કોફી, કોલ્ડ ડ્રીંગ્સ) પીવાથી, તળેલા પદાર્થ, ફરસાણ વગેરે વધુ પડતા ખાવાથી મેટોબોલીઝમ (ચયાપચય ક્રિયા) પર અસર થાય છે તે ધીમું પડે છે, પ્રતિકાર શક્તિ ઘટે છે, શરીરમાં ફેટ વધુ શોષાય છે અને જરૂરી પોષક દ્રવ્યો ઓછા શોષાય છે. આથી વજન તો વધે જ છે પણ સાથે સાથે હાઈ બી.પી., હાર્ટ સુગર, હાઈ કોલેસ્ટ્રોલ થાય અને લોહીનું પરિભ્રમણ શરીરમાં વ્યવસ્થિત થતું નથી. શરીરમાં ઘસારો નુકશાન વધુ ઝડપથી થાય છે અને જો તેને રોકવું હોય, વધુ ઉંમર સુધી નિરોગી, સ્વસ્થ રહેવું હોય તો યોગ-આસન-ધ્યાન કરવા જેવું બીજું કાંઈ નથી. યોગથી શરીર સપ્રમાણ થાય છે. પ્રતિકાર શક્તિ વધે છે અને સંપૂર્ણ આરોગ્યમાં સુધારો થાય છે. વજન ઘટાડવા, શરીરની ચરબી ઘટાડવા સલભાસન (નાડ જેવો આકાર), ગરૂડાસન, હલાસન, સેતુબંધાસન, સર્વાસન, મત્સ્યાસન (માછલી જેવો આકાર) વગેરે કરવા.

યોગ દ્વારા યાદશક્તિ, ચતુરાઈ જળવાઈ રહે છે એટલું જ નહીં તે વધે પણ છે આના માટે પ્રયોગો પણ થાય છે. માસ્ટર ચોખા કોક સુઈ એ સુપર બ્રેઈન યોગ દ્વારા બતાવ્યું કે મગજ એક જીવતી બેટરી છે અને એને રીચાર્જ કરવી જોઈએ જેથી યાદશક્તિ અને ચતુરાઈ જળવાઈ રહે.

જમણો કાન, ડાબા મગજની સાથે સંબંધ ધરાવે છે અને ડાબો કાન જમણા મગજની સાથે સંબંધ ધરાવે છે. કાન એક્યુપંક્ચરના શક્તિશાળી પોઈન્ટ છે જે મગજ સાથે સીધો સંબંધ ધરાવે છે. જ્યારે કાનને મસાજ કરવામાં આવે ત્યારે મગજમાં શક્તિ વહે છે. માલીશ સાથે એક્યુપંક્ચર રીતથી યાદશક્તિ અને ચતુરાઈ વધે છે. વિચારવાની શક્તિ વધે છે. જે શક્તિ ઉત્પન્ન થાય છે તે ગળા, હૃદય અને કપાળની શક્તિની સમતુલા જાળવે છે.

પ્રયોગોમાં આ ઉપરાંત જણાયું કે જે  બાળકોને કાંઈપણ શીખવામાં તકલીફ હોય જેવી કે ડાઉન્સ સીન્ડ્રોમ, જન્મજાત અને ડેવલપમેંટના પ્રોબ્લેમ હોય જેવા કે ADHD/ADD. એવા બળકોમાં યોગથી સારા પરિણામ મળ્યા અને તેઓ ક્લાસમાં વધુ ક્રિયાશીલ થયા.

આમ કાનની લૂટ વિંધવાથી એક્યુપંક્ચર અસર થાય છે. સ્કુલમાં જ્યારે કોઈ વિદ્યાર્થી બેધ્યાન થાય ત્યારે કાન પકડી ઉઠકબેઠક કરાવતા એ પણ એક પ્રકારનો યોગ છે જેનાથી તેનું મગજ કાર્યશીલ થાય, શક્તિ વધે અને વિદ્યાર્થીને ફાયદો થાય.

યોગ ગુરુ મીડી મહેતા માને છે કે ભ્રમરી પ્રાણાયામ - જેમાં આપણે,  કાનમાં આંગળીઓ નાખી 'હમમમ્' બોલવાનું હોય છે. તે મગજને ક્રિયાશીલ કરે છે. જેમને કાનમાં ઘંટડીઓ વાગતી હોય (ટીનીટ્સ) એમને ફાયદો થાય છે. મગજની શક્તિ વધવા સાથે સાંભળવાનું તેજ થાય છે અને આંખની જોવાની શક્તિ પણ તેજ થાય છે. બધા માટે ફાયદાકારક છે ખાસ કરીને મોટી ઉંમરના માટે મુંબઈ યોગ એક્સપર્ટ શાંતિ ચવ્હાણ કહે છે કે મુંબઈના જેવા શહેરમાં આવા યોગ તાણ દૂર કરે છે. જ્યારે શરીર રોગીષ્ટ થયું હોય ત્યારે આવા યોગથી મગજને શાંત કરવા સાથે શક્તિ પણ મળે છે.

આસન, પ્રાણાયામ ખાલી પેટે કરવા જોઈએ. સવારે વહેલા ઉઠી બે થી ત્રણ ગ્લાસ હુંફાળુ પાણી પીવું, પેટ સાફ થાય પછી હવા ઉજાસવાળા ઓરડામાં કે ખુલ્લી જગ્યાનાં શેતરંજી પાથરી શાંત મને કોઈપણ જાતની ઉતાવળ વગર યોગાસન કરવા જોઈએ. મુંબઈ જેવા શહેરમાં ઠેકઠકાણે યોગ શીખવાડવામાં આવે છે.

સામાન્ય રીતે કોઈપણ આસન પછી દુ:ખાવો કે બેચેની ન થવા જોઈએ. ઉત્સાહ અને સ્ફૂર્તીનો અનુભવ થવો જોઈએ. આમ ન થાય તો સમજવું કે આસન-પ્રાણાયામ બરાબર થતા નથી.

પોતપોતાની પ્રકૃતિ તેમજ શારીરિક યોગ્યતા પ્રમાણે દરેક જુદા જુદા આસનો કરી શકે. આસનોનો કોઈ નિશ્ચિત કે એકસરખો ક્રમ હોતો નથી પણ રોજ ક્રમબધ્ધ આસન કરીએ તો કોઈ આસન કરવાનું ભૂલી ન જવાય.

**શવાસન :** આ આસનથી હાઈ બી.પી., ચિંતા-ઉચાટ, ટેન્શન-તાણ, હૃદય રોગના દર્દીને, સર્ગભા સ્ત્રીને ફાયદો થાય છે. પહેલી નજરે સાવ સહેલું લાગતું આ આસન આમ જોઈએ તો ખૂબ અઘરું છે. શેતરંજી કે મેટ પર ચત્તા સુઈ, હાથ સીધા શરીરથી થોડે દૂર રાખવા, હથેલી ચત્તી રાખવી, બન્ને પગ સીધા સહેજ પહોળા રાખવા. આખું શરીર ઢીલું કરવું, મન શાંત કરવું, શ્વાસોચ્છવાસ પર ધ્યાન કેન્દ્રિત કરવું ધ્યાન રાખવું કે આમ કરતી વખતે ઊંઘ ન આવવી જોઈએ જાણે શબ પડ્યું હોય તેમ પડ્યા રહેવું.

આજકાલ કાર્ડિઓલોજસ્ટ પણ હૃદયરોગીઓને આ જ હેતુથી આસનો કરાવે છે.

**ભૂજંગાસન :** પ્રથમ પેટ પર સુવું બન્ને પગના પંજાનો ઉપરનો ભાગ જમીનને અડે એમ રાખવું. બન્ને હાથને ખભાની નીચે અને હથેળી જમીનપર ચત્તી રાખવી. બન્ને કોણીને પાંસળીઓ નજીક રાખવી. શ્વાસ અંદર લઈ બન્ને હાથ સીધા કરી છાતીને જમીનથી ઉપર ઉંચકવી અને પેડુનો ભાગ (નાભીની નીચેનો ભાગ) જમીનને અડેલો રાખવો. કમરના ભાગમાં ધનુષ જેવો આકાર થવો જોઇએ અને ખેંચાણ આખી કરોડ પર સપ્રમાણ વહેંચાય એમ રાખવું. ગરદનને પાછળ ઝુકાવી મોઢું આકાશ/છત તરફ

રહે તેમ રાખવું. શ્વાસ લઈ થોડા સમય માટે રોકી રાખવું પછી ઉચ્છવાસ બહાર કાઢી શરીરને જમીન પર લાવવું. આમ ૫-૬ વખત કરવું. આ આસન ભૂજંગ એટલેકે કોબ્રા જેવો દેખાવ થાય છે એથી જ આ નામ પડ્યું.

આ આસનથી કમરના દુઃખાવા, સ્ત્રીઓને સફેદ પાણી પડવાની તકલીફ, માસિક સમયના દુઃખાવામાં રાહત થાય છે. પેટ હલાવાથી આંતરડામાં ખોરાકના જરૂરી પોષણ તત્વો સારી રીતે શોષાય છે. પેટ ખેંચાવાથી પેટ પર જામેલી ચરબી દૂર થાય છે. જમ્યા પછી પેટમાં વાયુ થતો હોય તો આ આસનથી અટકે છે. મગજમાંથી નીકળતા જ્ઞાનતંતુ બળવાન બને છે. આ આસનથી શારીરિક, માનસિક સ્થિરતા મળે. સ્ફૂર્તિ જણાય અને આરોગ્ય મળે છે. આમ તો વજાસન સિવાય કોઈપણ આસન જમ્યા પછી કરવું નહિં પણ આળસ ચડી હોય તો એ દૂર કરવા આ આસન કરી શકાય.

**ધનુરાસન :** હાથ શરીરની બાજુમાં રાખી હથેલી ઉપર તરફ રહે તેમ પેટપર સુઓ. હડપચીને જમીન પર ટેકવો. શ્વાસ બહાર કાઢો. પગને ઘુંટણથી વાળી ડાબા હાથથી ડાબી ઘુંટી (એન્કલ) અને જમણા હાથથી જમણી ઘૂંટી પકડો ધીરેથી ઊંડો શ્વાસ લ્યો અને ઘૂંટણને જમીનથી અધ્ધર કરતાં ઘૂંટીઓને ઉપર તરફ ખેંચો અને એની સાથે સાથે છાતીને પણ ઉંચકો. દશ સેકન્ડ માટે શ્વાસને પકડી રાખો. આ ક્રિયા વખતે આખું શરીર પેટ પર સંતુલિત હોય, ફક્ત પેટજ જમીનને અડેલ હોય. શ્વાસ બહાર છોડો અને શરીરને જમીન પર લાવો. આમ ૬ વખત કરો આ આસનથી પેટ પરની ચરબી દૂર થાય છે. છાતીના અને ફેંફસાના સ્નાયુ પર ખેંચાણ આવે છે તેથી હૃદયમાં રાહત મળે છે.

**સલભાસન :** હાથ શરીરની બાજુમાં રાખી પેટ પર સુઓ, ધીરેથી માથું, શરીરનો આગળનો ભાગ હાથ અને પગ જેટલા ઉંચે કરી શકો તેટલા કરો. આમ તાડ જે દેખાવ થાય છે તેથી નામ સલભાસન. ૪૫ સેકન્ડ સુધી શરીરની આજ સ્થિતિમાં રહો. ધીરે ધીરે મૂળ સ્થિતિમાં આવો. આમ ૩ વખત કરો. આ આસનથી પગના અને કમરના સ્નાયુ મજબૂત થઈ શરીરનું મેટાબોલીઝમ સુધરે છે. ચરબી બળે છે એટલે કે શરીરની ચરબી ઘટે છે અને આરોગ્ય સુધરે છે.

શરૂઆત ધીરે ધીરે કરવી. સમય અને સંખ્યા ધીરે ધીરે વધારી, ઉપર પ્રમાણે તેમજ પોતાની શક્તિ મુજબ કરવું. આગળ આપણે બીજા આસન જોઈશું.

(ક્રમશઃ)

## દૂર દખ્ખણે કચ્છની ધીંગી ધરાની સૂઝ-સુગંધ કિશોર કુરુવા - વેપારી આગેવાન-સમાજઅગ્રણી

**તંત્રી નોંધ :** ચિત્રલેખાના ૬૫મા વાર્ષિક વિશેષાંક ૨૦૧૫ સાથેની વિશેષ પૂર્તિમાં ગુજરાતીઓને ગૌરવ અપાવનારા ૬૫ ગુજરાતીઓના તથા તેમની વિશેષ સિધ્ધીના ટુંકા પણ સર્વાંગી પરિચય આપતા લેખ છે. તેમાં આપણા જ્ઞાતિજન કિશોર કુરુવાને પણ સ્થાન મળ્યુ છે. કિશોરભાઈને અભિનંદન આપતા એમના વિશેનો લેખ અહીં પ્રગટ કરીએ છીએ.



ભાષાવાદ કે પ્રાંતવાદ એવી વાડાબંધીમાંથી હજી દેશ બહાર નથી આવી શક્યો એવા માહોલમાં આ માણસે વતનથી સેંકડો કિલોમીટર દૂર રહીનેય પોતાના કારોબારનું મસમોટું સામ્રાજ્ય ઊભું કર્યું છે. આજની તારીખે દેશમાંથી જેટલાં મરીની નિકાસ થાય છે એમાં આ એક માણસનો ફાળો જ પંદર ટકા જેટલો છે!

કેરળના અર્થિક પાટનગર કોચીમાં કિશોર શામજી કુરુવાની પ્રતિષ્ઠા 'સ્પાઈસકિંગ' તરીકેની. એમની 'મલબાર' બ્રાન્ડના અહીં સિક્કા ઊછળે. મરી ઉપરાંત સૂંઠ, જાયફળ, જાવંત્રી, વગેરેના એક્સપોર્ટનું પણ મોટું કામ, અનેકવિધ પ્રવૃત્તિમાં વ્યસ્ત એવા કોચીના ગુજારાતી સમાજમાં પણ કિશોર કુરુવાનું એવું જ મોટું નામ.

કુરુવા કુટુંબ મૂળ કચ્છનું દેશ આઝાદ થયો એ પહેલાં મુંબઈ કાથાબજારની અતિ જાણીતી નેણશી દવજીની પેઢીના વિકસતા વેપાર પર ધ્યાન રાખવા શામજી કુરુવા કેરેળ પહોંચ્યા. દસેક વર્ષ પછી એમણે સ્વંતત્ર રીતે આડતનું કામ શરૂ કર્યું. આસપાસના ગામોમાં ફરી ત્યાંના ખેડુતો પાસેથી માલ લઈ આવે અને બહારના વેપારીઓને વેચે.

૧૯૭૦ દાયકામાં કિશોરભાઈ એમના પિતાના કામમાં જોડાયા. ચડતું લોહી હતું. એમણે તો વેપાર વધારવા રીતસર ભારતભ્રમણ જ શરૂ કરી દીધું. દેશભરમાં 'કિશોર સ્પાઈસ'નું નામ થવા માંડ્યું. એ પછી દેશના સીમાડા વટાવી કિશોરભાઈએ મરી-મસાલાની નિકાસ પર પણ ભાર દેવા માંડ્યો.

અત્યારે એમનો કારોબાર એ સ્તરે પહોંચ્યો છે કે મરીનિકાસમાં એમનું નામ દેશના ટોચના ત્રણ એક્સપોર્ટર્સમાં આવે. કેરળમાં રહીને કિશોરભાઈ 'સ્પાઈસ બોર્ડ', 'કાર્ડમમ (એલચી) બોર્ડ', 'ઇન્ડિયન મરી-મસાલા તેજાના વેપારી મહામંડળ', વગેરે સંગઠનોમાં વરિષ્ઠ હોદ્દે રહી ચૂક્યા છે. હવે તો કુરુવા પરિવારની ત્રીજી પેઢી પણ આ વેપારમાં આવી છે અને કિશોરભાઈના બન્ને પુત્ર પોતાની રીતે નવો ચીલો ચાતરી રહ્યા છે.

સંતોષનો ખુશબોદાર ઓડકાર ખાતાં કિશોરભાઈ 'ચિત્રલેખા'ને કહે છે કે આજે અમારો કારોબાર જે કક્ષાએ પહોંચ્યો છે એમાં ડગલે ને પગલે પરિવારજનો અને મિત્રોની મદદ મળી છે. નહીંતર કચ્છથી આટલે દૂર બેસીને આ બધું મેળવવું શક્ય નહોતું. કેરળનાં ઘણાં ખેડૂતકુટુંબ સાથેના સંબંધને પણ એ વાગોળે છે અને કહે છે કે અહીંની પ્રજાને જાણે એમ જ છે કે મરી-મસાલાનો વેપાર તો ગુજરાતી માણસ જ કરી શકે!

એક ગુજરાતી તરીકેની કુનેહ અને પથ્થરમાંથી પાણી કાઢી શકવાની કચ્છી તાકાત... વેપારવણજમાં સફળતા માટે બીજું જોઈએ પણ શું ?

# વિદેશયાત્રા - ચંદ્રિકા લોડાયા

## ઐતિહાસિક પ્રતિકૃતિઓનો અદ્ભુત નજારો : વિન્ચી અને પિસ્તોયા

### વિન્ચીમાં લિઓનાર્દો દા વિન્ચીની કલાકૃતિઓ તથા પિસ્તોયામાં ઐતિહાસિક પ્રતિમાઓ જોવાનો લહાવો એકવાર લેવા જેવો છે. અહીં ફરવું એટલે ઇટલીના મધ્યકાલીન યુગમાં પહોંચી જવું







ઇટાલીના ટસ્કની પ્રદેશમાં રખડવાનો, નવી જગ્યાઓ જોવાનો, નિસર્ગના સાનિધ્યમાં વાંચવાનો કે ક્યારેક કાંઈ જ ન કરતાં બેઠાં રહેવાનો આનંદ અમે માણી રહ્યાં હતાં. અમારા ગ્રુપમાંથી બે-ત્રણ લિઓનાર્દો દા વિન્ચીના ભક્તોને વિન્ચી ગામ જોવું હતું. તો પિઝાના એરપોર્ટ પર અમે ઐતિહાસિક પિસ્તોયા ગામના લોભામણા ફોટોગ્રાફ જોયા હતા તેથી કેટલાકને પિસ્તોયા જવું હતું. એક દિવસમાં બંને ગામ જોઈ લેવાના ઈરાદાથી અમે અમારી ભાડે લીધેલી ગાડી હંકારી દીધી.

વિન્ચી ગામ નાનું છે અને ફ્લોરેન્સથી બહુ દૂર નથી છતાં ત્યાં ટુરિસ્ટોની ભરમાર નથી. ઇટાલિયનમાં દા વિન્ચીનો અર્થ થાય છે વિન્ચીથી એટલે કે વિન્ચી ગામનો.



આ વિન્ચી ગામનો લિયોનાર્દો પોતે વિન્ચીથી ત્રણેક કિલોમીટર દૂર આવેલા ઘરમાં જન્મ્યો હતો. બચપણના એના ઘર કરતાં અમને વિન્ચી ગામમાં આવેલું મ્યુઝિયમ જોવામાં વધારે રસ પડ્યો. આપણે લિયોનાર્દો દા વિન્ચીને એક ચિત્રકાર (ખાસ કરીને મોનાલિસા ચિત્રના) તરીકે ઓળખીએ છીએ, પણ વિન્ચી ગામમાં જતાં પેઈન્ટર ઉપરાંત ઍન્જિનિયર, આર્કિટેક્ટ અને શિક્ષકરૂપે એની ઓળખાણ થાય છે. એની બહુમુખી પ્રતિભા જોઈને છક થઈ જવાય છે. ૫૦૦થી વધુ વરસો પહેલાં એણે કરેલી કલ્પના અને એની દૃષ્ટિ લાકડાંના નમૂનાઓમાં કંડારાયેલી દેખાય છે. ક્રેન, અમુક ઘરગથ્થુ સાધનો, વણાટકામનાં યંત્રો, લાકડાંની કાર અને લાકડાનું હેલિકોપ્ટર સુધ્ધાં એના વિશાળ કલ્પના જગતની પ્રતીતિ કરાવે છે. સાઈકલ, પેરેશૂટ, ફ્લાઈંગ મશીન, મશીનગન વગેરેની એણે કરેલી ડિઝાઇનો મ્યુઝિયમમાં મૂકવામાં આવી છે. લિઓનાર્દોએ કલામાં ગણિતની ભૂમિકા સ્પષ્ટ કરી છે. એને અતિ મશહૂર કૃતિ વિત્રુવિઅન મેન મ્યુઝિયમના પ્રવેશદ્વાર પાસે લાકડામાંથી બનાવીને મૂકવામાં આવી છે. વર્તુળ અને ચોરસમાં સમાયેલી એક નર આકૃત્તિના ફેલાયેલા હાથ અને પગ એ વર્તુળના પરીઘને અને ચોરસની બાજુઓને સ્પર્શે છે. આ ચિત્ર દ્વારા દા વિન્ચીએ કળા, આર્કિટેક્ચર, માનવ શરીર રચના અને સપ્રમાણતાને એક છબિમાં ભેગાં કર્યાં છે. લિઓનાર્દો દા વિન્ચી માત્ર ચિત્રકાર નહોતો, જિનિયસ હતો !

અમારામાંના બે એન્જિનિયરને આ મ્યુઝિયમમાં વિશેષ રસ પડ્યો. તેઓ બારીકીથી બધું તપાસતા હતા. મ્યુઝિયમ જોઈ લીધા પછી બાકીના લોકો આ મ્યુઝિયમમાંથી ગ્રામ્ય વિસ્તારનો દૂર દૂર સુધી દેખાતો સુંદર નજારો જોવામાં પરોવાયા. ત્યારબાદ મ્યુઝિયમની બહાર સુવિનિયર વેચતી થોડી દુકાનો હતી તેમાં લટાર મારવા લાગ્યા. મ્યુઝિયમ જોઈ લીધા પછી અમારા પગ

**વિન્ચી અને પિસ્તોયા વિશે જાણવા જેવું :**

- ફ્લોરેન્સ જવા વિમાન સેવા ઉપલબ્ધ છે. ફ્લોરેન્સથી વિન્ચી ૪૫ કિલોમીટર દૂર છે. ત્યાં જવા માટે એમ્પોલી સુધી ટ્રેનમાં જવાનું અને એમ્પોલીથી બસ લેવાની.
- ફ્લોરેન્સથી પિસ્તોયા ટ્રેન અથવા બસમાં જઈ શકાય છે. પોણોથી એક કલાક લાગે છે.
- બંને ગામોમાં રહેવા તથા ભોજનની વ્યવસ્થા છે પરંતુ ફ્લોરેન્સથી એક દિવસની ટ્રિપ લઈ શકાય છે.
- ૫૦૦થી વધુ વરસો પહેલાં નિર્માણ કરેલાં લાકડાંના નમૂનાઓ અને પ્રતિમાઓ વિન્ચી અને પિસ્તોયામાં જોવા મળે છે. તેમાં ક્રેન, ઘરગથ્થુ સાધનો, વણાટકામ યંત્રો, લાકડાની કાર અને હેલિકોપ્ટરનો સમાવેશ થાય છે.
- વિન્ચીમાં આવેલા મ્યુઝિયમમાં સાઈકલ, પેરેશૂટ, ફ્લાઈંગ મશીન, મશીનગન જોવા મળે છે.
- પિસ્તાયોનો પિઆત્ઝા ડેલ ડ્યુઓમાં ચોક શહેરના પ્રાચીન સ્થળોમાંનો એક છે.

વિન્ચીમાં આવેલા ચર્ચ ભણી વળ્યા. ચર્ચમાં લિયોનાર્દોનાં ચિત્રોની પ્રતિકૃતિઓ મૂકવામાં આવી છે. એ કૃતિઓ અસલ ન હોવા છતાં એમની ખોટ સાલવા દે નહીં એટલી સરસ રીતે બનાવવામાં આવી છે. વળી આ બધાં ચિત્રો પર કરેલું પ્રકાશનું સુંદર આયોજન પણ એમની દ્રશ્ય ગુણવત્તામાં વધારો કરે છે.

વિન્ચીના એક કૉફી બારમાં કૉફી સાથે પેસ્ટ્રી ખાઈને અમે પિસ્તોયાની દિશામાં રવાના થયાં. પિસ્તોયા ખૂબ જૂનું ગામ છે અને દીર્ઘ ઈતિહાસ તથા સંસ્કૃતિનું સાક્ષી છે. અહીં પર્યટકોની ચહલપહલ ખાસ હોતી નથી તેથી ટુરિસ્ટો વિનાના ગામમાં ખરેખરું ઇટાલી જોવા મળે છે.

પિસ્તોયામાં મધ્યકાલીન ટસ્કનીના શહેરોનાં બધાં લક્ષણ મોજૂદ છે અને ગામ સારી રીતે જળવાયું છે. આવાં શહેરોનું સ્થાપત્ય અને કલા-કૌશલ પર્યટકોના રસનો વિષય રહ્યો છે. પિસ્તોયાની મધ્યમાં પિઆત્ઝા ડેલ ડ્યુઓમો નામ ધરાવતો ચોક છે. એની ફરતે જૂનાં મકાનો છે. ડ્યુઓમોના મોખરાના ભાગ પર શ્વેત-શ્યામ પટ્ટીઓની ડિઝાઈન કરવામાં આવી છે જે સિએનાના ડ્યુઓમોની યાદ અપાવે છે. ચર્ચમાં ચાંદીનું પ્રભાવશાળી કોતરણી કરેલું ઓલ્ટર છે. ચર્ચની બાજુમાં બેલ ટાવર છે. ડ્યુઓમોને ફલોરેન્સ અને સિએનાના ડ્યુઓમો સાથે સરખાવી શકાય પરંતુ તેની પોતાની આગવી પ્રતિભા છે. ચોકમાં પર્યટકો માટેનું માહિતી કેન્દ્ર છે. ત્યાંથી અમને કલાના શહેર પિસ્તોયાંના ચોપાનિયાં મળ્યાં જેમાં પિસ્તાયામાં શું જોવું તેની માહિતી હતી. અમારા ગ્રુપમાંથી ટાઉન હૉલમાં ભીંતચિત્રો જોવા માટે થોડા મત મળ્યા, બાકીનાને પિસ્તાયામાં ભરાયેલી દ્વિસાપ્તાહિક બજાર આકર્ષતી હતી. દર બુધ અને શનિવારે ભરાતી આ બજારમાં દુકાનો કરતાં ભાવ ઓછા હોય છે તેથી બધી મહિલાઓ માટે એણે લોહચુંબકનું કામ કર્યું. પિઆત્ઝા ડેલ સાલા નામના નાના ચોકમાં માત્ર પગરખાંની ગુજરી પણ ભરાય છે.

અંતરિયાળ ઇટાલીના પરિચય માટે પિસ્તોયાની અડધા કે એક દિવસની ટ્રિપ આદર્શ છે. આ હૂંફાળું નાનું ગામ પર્યટકોને આંજી નાખ્યા વિના મધ્યયુગમાં લઈ જાય છે.

## પ્રેરણા પ્રકાશ : જિયો તો ઐસે જિયો...

**એકલે હાથે પુત્રીનું પાલન, બાળકોમાં સંસ્કારસિંચન અને ગરીબ-અસહાયોને મદદ પહોંચાડવી, વગેરે જેવાં કઠિન કાર્યમાં ઘણા સંઘર્ષ પછી સફળતા મેળવી છે આ શિક્ષિકાએ....**



પ્રવીણાબહેને જીવનનો મહત્વનો નિર્ણય લીધો. એક પુત્રી થવાથી આ સ્થિતિ છે તો બીજી અવતરશે તો તો જીવવું મુશ્કેલ બની જશે. બસ, આ વિચારથી એ કાયમ માટે પુત્રીને લઈને મુંબઈ પિયરમાં રહેવા આવા ગયાં.

બીજી કોઈ યુવતી હોત તો એ શ્રીમંત પિતાની છત્રછાયામાં રહીને બાકીનું જીવન વિતાવત.. જો કે જુદી જ માટીની બનેલી ખુદ્દાર પ્રવીણાએ પિતા-ભાઈઓ પર બોજારૂપ થવાને બદલે બાળકોને ઘરે જઈને ધાર્મિક ટ્યૂશન આપવાનો રસ્તો શોધી કાઢ્યો.

પ્રવીણાબહેન ઉમેરે છેઃ 'પિતાની એ સમયે વેપારી-સખાવત માટે ખૂબ નામના એટલે જ્યારે મેં ટ્યૂશન આપવાનું કામ શરૂ કર્યુ ત્યારે ઘણા લોકોએ ખૂબ ટીકા કરી, અરે, કેટલાકે તો એટલે સુધી કહ્યું કે આવું મામૂલી કામ કરીને તું તો પિતાનું નામ બોળી રહી છે. જો કે હું કોઈ ખોટું-ખરાબ કામ નહોતી કરતી એટલે એ કરવામાં નાનપ નથી એમ સમજીને કામ ચાલુ રાખ્યું. એમ ન કર્યું હોત તો એક હજારથી વધુ વિદ્યાર્થીને હું આપણા ધર્મ-સમાજનું જ્ઞાન કેવી રીતે આપી શકી હોત ?

તમારું આ કાર્ય સાર્થક નીવડી રહ્યું છે એવું તમને ક્યારે લાગ્યું ? જવાબમાં એ શિક્ષિકાબેહન હરખાઈને કહે છે કે આજે અમેરિકા, હોંગકોંગ અને એન્ટવર્પમાં વસતા આપણા હીરાના વેપારીઓ એમના સંતાનોને ગુજરાતી ભાષા અને ધાર્મિક જ્ઞાન અપાવવા મારી પાસે મોકલે છે. આમાંનાં કોઈક મુંબઈની ચોપાટી પર આઈસસ્ક્રીમ ખાતાં હોય એવા સમયે કોઈ ગરીબ બાળક એની પાસે પૈસાની માગણી કરે ત્યારે અને પૈસાને બદલે આઈસક્રીમ આપી દે છે. આવું બને ત્યારે મને થાય કે મેં આપેલું જ્ઞાન આ યુવાન થઈ ગયેલાં બાળકોએ બરાબર પચાવ્યું છે. હું કુમળાં બાળકોને બીજા પ્રત્યે કરૂણા, પ્રેમભાવ અને દયાળુભાવ રાખવાનું શીખવું છું. વેચીને નહીં, પણ વહેંચીને ખાવામાં પરમ આનંદ મળે છે એ વાત કોઈને પણ સમજાઈ જાય તો એ જીવનમાં ક્યારેય પાછળ નહીં રહે.'

પ્રવીણાબહેન પાસેથી ગુજરાતી અને ધાર્મિક શિક્ષણ શીખેલા અનેક લોકો વિદેશમાં સ્થાયી થયા બાદ ત્યાંના બીજા પરિવારોને પણ પોતાનાં બાળકોમાં સારા સંસ્કારનું સિંચન કરાવતા ત્યાંના સ્કૂલ વૅકેશન વખતે અહીં મુંબઈ મોકલે છે.

પેસા લેવાનું ગમતું નથી, પરંતુ બીજી કોઈ આવક નથી એટલે કમને સ્વીકારે છે. જો કે કોઈ ગરીબ કે સાધારણ આર્થિક સ્થિતિ ધરાવતા પરિવારનાં બાળકોને એ એક પણ રૂપિયો લીધા વિના ભણાવે છે.

બીજું આજે મોટા ભાગના ગુજરાતીઓ એમનાં બાળકોને અંગ્રેજી માધ્યમમાં ભણાવતા હોવાથી તથા મુંબઈ કે આસપાસના ગુજરાતી સ્કૂલ બંધ થઈ રહી હોવાને લીધે નવી પેઢીનાં બાળકો માતૃભાષા બોલી શકે છે, પરંતુ વાંચી-લખી નથી શકતા એટલે ઘણા પરિવાર પ્રવીણાબહેન જેવા શિક્ષિકાનું ટ્યૂશન રખાવે છે.

સામાજિક કાર્યકર તરીકે એમને અનેક એવાર્ડથી સમ્માનિત કરવામાં આવ્યાં છે. ગરીબો માટે એ કાયમ ખડેપગે રહીને સેવારત રહ્યાં છે. મહાવીર હાર્ટ ફાઉન્ડેશન, દિવાળીબહેન મહેતા ચૅરિટેબલ ટ્રસ્ટ, નેમિનાથ જૈન ફાઉન્ડેશન સહિતની અનેક સેવાભાવી સંસ્થાઓ સાથે એ વર્ષોથી સંકળાયેલાં છે.

– પ્રકાશ બાંભરોલિયા, ચિત્રલેખામાંથી સાભાર

## ટૂંકી વાર્તા : ટપાલ પેટીમાં પડેલો કાગળ

પોસ્ટમૅન સદુભાઉ ઉતાવળમાં હતા. એક... બે... ત્રણ... ટપાલપેટી ઉઘાડી, તેમાંથી ટપાલ થેલામાં નાખી અને સાઈકલ પર ઊપડ્યા. ચોથી ટપાલપેટી પાસે આવીને સાઈકલ થાંભલા આગળ ટેકવી. ત્યાં વીસેક વરસની તરુણી ઊભી હતી. હશે કોઈ સહેલીની વાટ જોતી કે નિશાળમાંથી છૂટનાર ભાઈને લેવા આવેલી.

સદુભાઉએ તાળું ખોલ્યું, ટપાલ કાઢી. થેલામાં નાખવા જતા હતા, ત્યાં તરુણી નજીક આવી. સદુભાઉએ તીરછી નજરે જોયું તો તેનો ચહેરો ભારે ઉદાસ લાગતો હતો અને મનમાં કાંઈક બેચેની જણાતી હતી. તે કાંઈક કહેવા જતી હતી.

સદુભાઉએ ઊંચે જોયું એ કાંઈક બોલી, પણ કાંઈ સમજાયું નહી. બિચારી કંઈક સંકટમાં છે. સદુભાઉએ પેટીએ તાળું મારી એની પાસે જઈ પૂછ્યું, 'બેટા! કાંઈ મુશ્કેલીમાં છે?'

'ટપાલીચાચા! વાત એમ છે કે આ પેટીમાં કાલે મેં એક પત્ર નાખ્યો છે, પણ તે નાખવો જોઈતો નહોતો. મને તે પાછો જોઈએ છે. બસ, એટલું જ.'

'બેટા, એ તો કેમ બને? નિયમ એટલે નિયમ. એકવાર ટપાલપેટમાં પત્ર પડ્યો એટલે તેના પર લખેલ નામ-સરનામા સિવાય તો બીજા કોઈને ન અપાય.'

તરુણી દીર્ઘ શ્વાસ લઈ બોલી, 'પણ ચાચા....'

'નહીં, આ નહીં બને. ચાલીસ વરસથી હું પોસ્ટખાતાની નોકરીમાં છું. મારાથી નિયમનો ભંગ ન જ થઈ શકે.'

'ચાચા, નિયમ મોટો કે માણસ મોટો? ક્યારેક માણસ ભારે આપદ્માં આવી પડ્યો હોય ત્યારે નિયમ જરીક આઘો-પાછો ન થઈ શકે?'

સદુભાઉ થોડા નરમ થયા, 'પરંતુ એક કાગળ ખાતર તારા ઉપર એવી તે કઈ આપદા આવી ગઈ?'

'ચાચા, મારા જીવન-મરણનો સવાલ છે. તમે તે પત્ર પાછો નહીં આપો તો મારું સત્યાનાશ થઈ જશે?'

'પણ એવું તે શુ છે? જરી ફોડ પાડીને કહે ને!'

તરુણી નીચું જોઈ ગઈ. પછી ધીરેથી બોલી. 'મને પ્રેમ છે, તેના પર મેં તે પત્ર લખ્યો છે. ગુસ્સામાં કંઈને કંઈ ભરડી દીધું છે. એ પત્ર એને ન પહોંચવો જોઈએ. નહીં તો અમારો નાતો તૂટી જશે.'

'હત્તારીની! આટલું જ ને? તું એને બીજો પત્ર લખી દે કે અગાઉનો પત્ર રદબાતલ ગણજે. મારી ભૂલ થઈ.'

'નહીં ચાચા! તેમાં મેં એવું એવું લખ્યું છે કે તે વાંચ્યા પછી એ મારું મોઢું નહીં જુએ.' - કહેતાં તરુણી ગળગળી થઈ ગઈ.

'બેટા હું દિલગીર છું. નિયમ ભંગ કરીને મારાથી તને તે પત્ર અપાય નહીં.' - કહેતાં સદુભાઉ સાઈકલ તરફ વળ્યા.

પણ તરુણી સાઈકલનું હેન્ડલ પકડીને ઊભી રહી. 'ચાચા, મારી આખી વાત એકવાર સાંભળો. અમે દર શનિવારે મળીએ છીએ. પણ આ વખતે સવારે એનો ફોન આવ્યો કે મારાં ફોઈ આવ્યાં છે એટલે આજે આપણાથી નહીં મળાય, પરંતુ શનિવારે સાંજે હું ફરવા નીકળેલી. એક આઈસક્રીમની દુકાનમાં ગઈ તો ત્યાં એક ખૂણે એ બેઠેલો. સાથે વીસ-પચીસની ઉંમરની એક યુવતી. બન્ને હાથમાં હાથ પરોવી વાતોમાં મશગૂલ હતાં. એમની નજર જાય તે પહેલાં હું પાછી ફરી ગઈ. મને ભારે આઘાત લાગ્યો. રાત આખી હું રડતી રહી. મને ભારે ગુસ્સો આવ્યો. સવારે ઊઠીને મેં ગુસ્સામાંને ગુસ્સામાં આગ ઝરતો પત્ર લખી નાખ્યો અને આ ટપાલપેટીમાં નાખી દીધો... પણ.. પણ...' કહેતાં એ રડી પડી.

સદુભાઉએ વાક્ય પૂરું કર્યું : 'પણ તારી શંકો ખોટી હતી.'

'હા, એમ જ. આજે તેનો ફોન આવ્યો. - મારી ફોઈની દીકરીય આવી છે. મારી બાળપણની જીગરજાન દોસ્ત. તને મળવા માગે છે. આપણે કાલે સાંજે મળીશું...' 'ટપાલી ચાચા! મારા પર દયા કરો! મારું બધું જ લૂંટાઈ જશે.' ફરી એ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી.

સદુભાઉ ભારે ધર્મસંકટમાં મુકાયા. એ નિયમ મુજબ જ કામ કરનારા સિદ્ધાંતવાદી માણસ. એમને તરુણી માટે લાગણી તો થઈ, પણ મન ન માન્યું. એમણે થેલો સાઈકલ પર મૂકી ચાલવા માંડ્યું. પાંચ-દસ ડગલાં બાદ સાઈકલ પર બેસવા જતાં એમણે પાછળ જોયું. તરુણીની આંખ સાથે આંખ મળી. એ આંખોમાં વેદના હતી, આજીજી હતી, કત્તલખાને લઈ જવાતા પશુની લાચારી હતી.

સદુભાઈ આ ન જીરવી શક્યા. એમનું દિલ પીગળ્યું. એમણે સાઈકલ પાછી ફેરવી. થેલો ખોલી ટપાલનાં થોક એમણે તરુણીની સામે ધરી. તરુણીએ ઝટ પોતાનો પત્ર ઓળખીને લઈ લીધો. એનો ચહેરો ખીલી ઊઠ્યો. એને અંગેઅંગ ઉલ્લાસ વ્યાપી ગયો. એની આંખમાં ઝળઝળિયાં આવી ગયા, પરંતુ આ આંસુ હરખનાં હતાં. અહેસાનમંદતાનાં હતાં.

સદુભાઉ સાઈકલ પર જઈ રહ્યા હતા, ત્યારે તરુણીનું આ છેવટનું ઉલ્લાસીત ને અહેસાનમંદ મુખ જ એમની આંખ સામે તરવરી રહ્યું હતું. નિયમના આગ્રહ ન રાખીને પોતે કાંઈ ખોટું કર્યું છે, એવો રહ્યો સહ્યો ડગડગો પણ એમના મનમાંથી જતો રહ્યો.

- (શ્રી માલતી દામલેની મરાઠી વાર્તાને આધારે)

## ક્ષત્રિયકુંડમાંથી ચોરાયેલ મહાવીરસ્વામીની પ્રતિમાજી અંગે કેન્દ્રિય ગૃહમંત્રીને મળેલા જૈન પ્રતિનિધીમંડળમાં જ્ઞાતિ આગેવાન હિતેશ માણેકજી મોતા પણ



મહાવીરસ્વામના જન્મસ્થાન ક્ષત્રિયકુંડમાંથી ચોરાયેલ મહાવીરસ્વામીની પ્રતિમાજી અંગે સૂરતના એમ.એલ.એ. શ્રી હર્ષ સંઘવી, મુંબઈના એમ.એલ.એ શ્રી મંગલ પ્રભાત લોઢા, શ્રી હિતેશભાઈ મોતા, શ્રી અતુલભાઈ શાહ, શ્રી મોહિતભાઈ ડંબોચ વગેરેએ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી રાજનાથ સિંહ અને મહારાષ્ટ્રના ગર્વનર શ્રી વિદ્યાસાગરને તેમના નિવાસસ્થાને મળી જૈનોની રોષની લાગણીથી વાકેફ કર્યા હતા. પાછળથી જોકે આ પ્રતિમા મળી આવી હતી અને તેને ચોરનારા પકડાયા હતા.

સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિના સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## દેવલાલી નગરે ધર્મ આરાધના

દેવલાલીમાં આસો વદિ, બારસ રવિવાર તા ૮ નવેમ્બરના ૯૯ દિવસીય શ્રી શાંતિનાથ અભિયાનના સમાપન કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જાપ પૂર્ણાહૂતિ શ્રી શાંતિનાથ સંવેદના રાખવામાં આવેલ. કુલ ૩૦૦ આરાધકોએ જાપ અનુષ્ઠાનમાં જોડાઈને નવ્વાણું કરોડ જાપ કરી આયોજન સફળ કર્યું. દાતા પરિવાર માતુશ્રી મધુરીબાઈ જી લોડાયા કચ્છ કોઠારા હાલ વિદ્યાવિહાર તરફથી સહુ આરાધકોનું બહુમાન કરવામાં આવેલ તથા બપોરના સ્વામીવાત્સલ્ય રાખવામાં આવેલ. ચાર વરસથી આ પરિવાર જાપ અભિયાનનું આયોજન કરી સુંદર લાભ લઈ રહેલ છે અત્યંત અનુમોદનીય છે.

ગુરૂવર્યા પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા તથા પ.પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા.ની સ્વર્ગરોહણ તિથિ આરાધના : આસો વદી બારસ તથા આસો વદી તેરસ શાસન પ્રભાવિક જયલક્ષ્મીશ્રીજી મ.સા. તથા આગમ અભ્યાસી પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા. સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે ત્રિદિવસીય જાપ આંગી, પ્રભાવનાદિ કાર્યક્રમો રાખવામાં આવેલ. ત્રિદિવસીય આરાધનામાં લાભ લેનાર ગુરૂભક્ત પરિવારો છે શ્રી દિનેશ લાલકા મુલુંડ, જયાબેન નરશી મોમાયા-મુલુંડ, દિનેશ ભવાનજી ગોસર હૈદ્રાબાદ, વિરચંદ નાગડા-હુબલી

પ્રભુ નિર્વાણ-ગૌતમ કેવલજ્ઞાન નુતન વર્ષાભિનંદન મહોત્સવઃ આસો વદિ અમાસ પ્રભુ નિર્વાણ કલ્યાણક પ્રસંગે દિપાવલી પર્વ કથાનું શ્રવણ રાખવામાં આવેલ. રાત્રી જાપમાં ૬૦-૬૦ માળાનું ગણવાનું રાખવામાં આવેલ. વર્ષાભિનંદના સવારના ગૌતમસ્વામીના કેવલજ્ઞાન નિમિત્તે મહામાંગલિક એવં ઘાટનાદાદિ કાર્યક્રમ રાખવામાં આવેલ. ભાવિકાએ સારી સંખ્યામાં ભાગ લીધો.નુતન વર્ષના માંગલિક રૂપે મગ એવં ગોળની પ્રભાવના શ્રી પ્રજેશ વિરચંદ હુબલી, સૌ.બીના અમિત ખોના-ભાડુંપ . શ્રી પુખરાજજી પ્રકાશચંદજી જૈન-હુબલી તરફથી રાખવામાં આવેલ.

## ચાલીસગામ તીર્થે ત્રિદિવસીય જાપ આરાધના

નવકારમંત્રારાધિકા પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા.ના શિષ્ય સેવાભારી પ.પૂ.ગુણલક્ષ્મીશ્રીજી મ.સા.ની નિશ્રામાં દર વરસની જેમ ચાલીસગામ તીર્થ ઉપકારી શાસન પ્રભાવિક પ.પૂ.જયલક્ષ્મીશ્રીજી મ.સા. તથા આગમ અભ્યાસી પ.પૂ.મુક્તિશ્રીજી મ.સા.ના સ્વર્ગારોહણ પ્રસંગે આસો વદિ ૧૧-૧૨-૧૩ ત્રિદિવસીય જાપ આરાધનાનું આયોજન કરવામાં આવેલ.

આસો વદિ અગિયારસના શ્રી ચાલીસગામ તીર્થ મંડળ શ્રી પદ્મપ્રભ નો જાપ તથા આંગી નો લાભ શ્રી પ્રમોદભાઈ વિરચંદ મોમાયા કચ્છ સાંયરા ઘાટકોપર વાળાએ લીધેલ.

આસો વદિ તેરસના નવકાર મહામંત્ર જાપ,સામાયિક તથા આંગી પ્રભાવનાનો લાભ અ.સૌ.મૃદુલાબેન હિરાચંદ મંજલ રેલાડિયા અંધેરી વાળાએ લીધેલ.

સહુએ સારી સંખ્યામાં સામાયિક-જાપ તથા આંગી દર્શનનો – લીધો.

## કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી કલબ

કે.ડી.ઓ. સિનિયર સિટીઝન્સ ડિગ્નીટી કલબના સભ્યોએ ગુરૂવાર તા ૨૬.૧૧.૨૦૧૫ના નેવી-ડે નિમિત્તે યોજાયેલ ખાસ સમારંભ નેવલ ડોકયાર્ડમાં ભાગ લીધો.

નેવીએ અન્ય સિનિયર સિટીઝન્સ સંસ્થાઓ સાથે આપણા સભ્યોનો સત્કાર કરી દરેકને નેવી કેપ, નાસ્તો તથા ડ્રીંક્સ આપ્યા. ડોકમાંથી નાની ક્રુઝ શિપમાં બેસાડી બે કલાક બારામાં ઉભેલા યુધ્ધ જહાજો, સબમરીન અને મોટા ક્રુઝ શીપ નજીકથી બતાડયા. પછી સમુદ્રમાં આવેલ તોપખાના, એલિફન્ટા સાથ અન્ય ટાપુઓ દરીયા કિનારે આવેલ પ્રખ્યાત તાજમહાલ હોટેલ, ગેટવે, અંબાણીનો ૨૮ માળાનો ભવ્ય આવાસ, વિગેરે બતાડયા. બધાને

યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
તન મન
ટુર એન્ડ ટ્રાવેલ્સ
9323360708/25903514-5-6
tanmantravels@yahoo.co.in
www.tanmantour&travel.com

વિવિધ વિષય પરના રસપ્રદ આઠ પુસ્તકોના સર્જન બદલ જ્ઞાતિની સિધ્ધ હસ્ત પ્રતિભા ચૌલા કુરૂવાને અભિનંદન.

*તન-મન પરિવાર*

શીખરજીની સર્વ પ્રથમ અને એકમાત્ર આપણી પોતાની
★★★ જેવી સુવિધાયુક્ત AC હોટલ
SHIKHARJI Continental
MADHUBAN - JHARKHAND

શિપના કંટ્રોલ રૂમમાં માઈક પર બોલવા/ગીતો ગાવા આપ્યા. શ્રી મહેશભાઈ ખોનાએ શિપમાં બહાર અને નેવિના અફસરો સાથે અસંખ્ય ફોટા પાડયા જે વોટસઅપ પર KDO Sr.Cit.Club ગ્રુપના પેજ પર મુકાયા છે.

ગેટવે જઈ ત્યાંથી મરીન ડ્રાઈવ પર તારાપૂરવાલાનું નવિન એક્વેરીયમ જોયું.ચોપાટીની મજા માણી.વાલકેશ્વરના જિનાલયોમાં દર્શન કર્યા હેંગીંગ ગાર્ડનમાં વૉક લીધી.

આગામી કાર્યક્રમ હિમાચલ પ્રદેશનો ૧૪ દિવસનો પ્રવાસ તા ૨૦.૦૩.૨૦૧૬ થી ૦૨.૦૪.૨૦૧૬ માં ૨૨ સભ્યો જોડાયા છે. સભ્ય બનવા/પ્રવાસમાં જોડાવા સંપર્ક-શ્રી રતિલાલ ખોના.મો - 09833119430

### શ્રી કે.ડી.ઓ. જૈન મુંબઈ મિડટાઉન સંઘ

શ્રી કે.ડી.ઓ. જૈન મુંબઈ મિડટાઉન સંઘની કારોબારી સમિતિની સભા તા ૦૧.૧૧.૨૦૧૫ના શ્રી હીરાલાલ હંસરાજ ડાઘાના અધ્યક્ષસ્થાને મળી હતી. ૧) સદગત પ્રમુખશ્રી પ્રેમચંદ મુલજી સોનાવાલાને શ્રધ્ધાજંલિ આપી બે મિનિટ મૌન પાળ્યુ હતું. ૨) શ્રી સંઘના પ્રમુખ પદે શ્રી રતિલાલ વાલજી ખોનાને ચુંટવામાં આવ્યા હતા.૩) ગત વર્ષ ૨૦૧૪-૨૦૧૫ના હિસાબો રજુ કરી પસાર કરવામાં આવ્યા હતા.

આગામી કાર્યક્રમ-આસામનો પ્રવાસ ૧૨ દિવસનો તા ૦૪.૦૩.૨૦૧૬ થી ૧૫.૦૩.૨૦૧૬ તનમન ટુર્સ સાથે ગોઠવવાનું નક્કી કર્યુ. ૩૪ સભ્યો જોડાયા છે.

### ભાડુંપમાં પૌષધ વ્રત આરાધના

પ.પૂ.સા.શ્રી જિનેન્દ્રગુણાશ્રીજી મ.સા.આદિઠાણા ત્રણની નિશ્રામાં પર્વમાં ૧૨ બાળકોએ બે દિવસ પૌષધ વ્રત આદરતાં શ્રી સંઘ તરફથી રૂા.૧૫૦૦/- એક દિવસ વ્રતના બાળકોને રૂા.૫૦૦/- પ્રભાવના આપી અનુમોદના કરાઈ. ગોચરી પૌષધમાં નવ બાળકો જોડાયા. દાદાશ્રી કલ્યાણસાગર સૂરી જૈન પાઠશાળા બાળકોને બીરદાવી આકર્ષક ગીફ્ટ અપાઈ.

નવા વરસે આદિશ્વર દાદા દરબારના રંગમંડપ ૨૧૦૦ મણમાં આણંદ પરિવાર હ. નવલબેન બાબુભાઈ દંડ, ગંભારા ખોલવાનો ૨૩૨૩ મણમાં માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા અને મહાવીર સ્વામીનો ગંભારો ૭૦૧ મણમાં માતુશ્રી રતનબેન હિરાલાલ લોડાયા હ.કેતુલભાઈએ દ્વારોદ્ઘાટન કર્યુ.

મ.સા.એ મંગલાચરણ કરી ગૌતમ સ્વામીને રાશની વાચના આપી. દર વરસની મુજબ માતુશ્રી કાંતાબેન મુલજી રાઘવજી લોડાયા પરિવાર દ્વારા શ્રી સંઘના ૨૩૫ પરિવારોને શ્રીફળ અને એક કીલો ગોળની શુકનવંતી પ્રભાવના થઈ.

દિવાળીની રાત્રે જાપમાં પર મહિલા-પુરૂષો જોડાયા. જ્ઞાન પંચમીએ જ્ઞાન પૂજનની વિશિષ્ટ આરાધના થઈ. કારતકી પૂનમે શત્રુંજ્ય તીર્થના પટ્ટસમક્ષ સમુહમાં ૧૦૮ ખમાસણા અપાયા. ભાથું માતુશ્રી.ધનભાઈ સોજપાર છેડા હ.જિતેન્દ્રભાઈ લોડાયા તરફથી અપાયું. પુનમનું ભાથું અ.સૌ. વિજયાબેન કુંવરજી લોડાયા તરફથી અપાતાં ૨૫૮ જણે લાભ આપ્યો.

ધી મેઈક ચેઈન્જર ગ્રુપની ટહેલને માન આપી શ્રી સંઘવાસીઓએ ૧૯૫૮ જોડી સારી કંડીશનના જૂના કપડાં જમા કરાવતાં ગ્રુપના પ્રતીક લોડાયા, તેજસ ખોના, દેવાંગ નાગડા, રૂષભ પોલડીયા, રાહુલ કુરૂવા, ભાવેશ લોડાયા સહ મિત્રોએ દિવાળીની રાત્રીએ ચાર બાઈક ઉપર સવાર થઈ ભાડુંપની આઠ ઝૂંપડપટ્ટીમાં જઈ હાથોહાથ કપડા આપી નવા વરસની શુભેચ્છાઓ આપી.

સિધ્ધચલના સોળ ઉધ્ધારકના સ્ટેજ શો માટે ગીતા લહેરચંદ લોડાયા અને રશ્મિ કમલેશ મૈશેરી એ સતત મહેનત કરી. પ.પૂ.સા.શ્રી પુણ્યોદયશ્રીજી મ.સા.ની પુણ્યતીથીએ ત્ર્યાન્હિકા મહોત્સવે જિગ્નેશ સંઘવીએ Lets Start Living ઉપર પ્રકાશ પાડયો.

શ્રી સંઘે પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા ભણાવી. ચાતુર્માસ નિમિત્તે ગુરૂદેવોનો ઋણ સ્વીકાર કરાયો. અ.સૌ. રતનબેન તિલકોચંદ મૈશેરીએ નવકારશી કરાવી.

### વારાપધરમાં પર્યુષણની આરાધના

વારાપધરમાં પર્વની આરાધના સુપેરે સંપન્ન થઈ. રોજ સવારે રાઈ પ્રતિક્રમણ, પ્રભુજીની પક્ષાલ ફુલ-પુજા ગુરૂવંદના, ભક્તામર સ્ત્રોત પઠન થયા. પર્વ દરમ્યાન આરાધના કરાવવા માટે શ્રી આર્યરક્ષીત જૈન

જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત
શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર (વરાડીયા-મલકાપુર)
M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.
Asia's First ISO 9001:2000 Certified Gin Press

તત્વજ્ઞાન વિદ્યાપીઠ તરફથી ઉર્મીલાબેન પાસુભાઈ લાલકા તથા કલ્પનાબેન ભરત લોડાયા પધારેલ હતા.

પર્વના દિવસો દરમ્યાન સાંજે પ્રભુજીની ભવ્ય આંગી રચના, પ્રતિક્રમણ તેમજ રોજ રાત્રી ભાવના કરી કલાકાર શ્રી સુલતાન મીર અને સાથી કલાકારો દ્વારા સુંદર ભક્તિ ભાવના થયેલ. કલ્પસુત્ર વહોરાવવાનો લાભ ૫૦૧ મણમાં શ્રી હંસરાજ વીરજી વીકમશી પરિવારે લીધેલ. બીજના પ્રભુના જન્મવાંચન તથા સ્વપ્ન દર્શન કાર્યક્રમ થયા. શ્રી મહાવીર પ્રભુનું પારણુ ઝુલાવવાનો લાભ ૬૦૧ મણમાં શ્રી ભાવેશ લક્ષ્મીચંદ ભેદા તથા પ્રભુજીનું પારણું પધરાવવાનો લાભ ૫૦૧ મણમાં શ્રી ભરત લાલજી લોડાયા પરિવારે લીધેલ.

ભા.સુ.૪ ના શ્રી વારાપીરની પહેડી જુહારવામાં આવેલ જેનો લાભ રૂા.૧૬૦૦૨/- માં માતુશ્રી તારાબેન નવીનચંદ્ર છેડા પરિવારે લીધેલ. તપસ્વી બહુમાનનો લાભ અ.સૌ. શોભના નવીન વીકમશી પરીવારે લીધેલ. શ્રી સંઘ દ્વારા સર્વે તપસ્વીઓની અનુમોદના કરવામાં આવેલ. પુજારી, સંઘના કર્મચારીઓ તથા રસોઈઆઓ, વેઈટર વિગેરેનું પણ સન્માન કરવામાં આવેલ.

ભા.સુ.૫ ના બારસા સુત્ર વહોરાવવાનો લાભ ૧૨૧૨ મણમાં શ્રી હંસરાજ વીરજી વીકમશી પરિવારે લીધેલ. સંવત્સરિક પ્રતિક્રમણમાં ૧૦૦ થી વધુ સંખ્યામાં શ્રાવક શ્રાવિકાઓએ પ્રતિક્રમણ કરેલ.

ભા.સુ.૬ ના વ્હેલી પરોઢે શ્રી દેરાસરજીના દ્વાર ખોલવાનો લાભ શ્રી લહેરચંદ નારાણજી લોડાયા પરિવારે લીધેલ. મુળનાયકનાં ગંભારો ખોલવાનો લાભ કુ. જીંકલ હરીશ લોડાયા પરિવારેલીધેલ. તપસ્વીઓને પારણાં કરાવવાનો લાભ શ્રી હંસરાજ વીરજી વિકમશી પરિવારે લીધેલ. મહાજન વતી અરવિંદલોડાયાએસૌનોઆભારમાણેલ.

## સાંયરામાં શિશુયુવાન ધાર્મિકજ્ઞાન શિબિર ઉજવાઈ

સાંયરામાં પ.પૂ.સા શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.શ્રી સિધ્ધાગિરાશ્રીજી મ.સા.ની નિશ્રામાં તા ૦૯.૧૧.૧૫ થી ૧૩.૧૧.૧૫ સુધી ધાર્મિક શિબિરનું આયોજન કરવામાં આવેલ.

શિબિરાર્થીના આવવા જવાના તથા સાધર્મિક ભક્તિનો લાભ શ્રી લક્ષ્મીબાઈ કુંવરજી રાઘવજી લોડાયા પરિવારે લીધો. શિબિરાર્થીઓને બેગ તથા ઈનામો આપવામાં આવેલ. શિબિર દરમ્યાન નાટક ધાર્મિક મટુકડી, દાંડીયા,પ્રભુ ભક્તિ પ્રતિક્રમણ કરવામાં આવેલ. તા ૧૪.૧૧.૧૫ના વિદાય આપેલ જે સાંયરાથી ધુણઈ શ્રી પ્રવિણભાઈ હંસરાજ લોડાયાની વાડીમાં શિબિરવાલા તથા સંઘને માતુશ્રી ખેતબાઈ હંસરાજ લોડાયા તરફથી પાર્ટી હતી.

તા ૧૨.૧૧.૧૫ કારતક સુદ ૧ ના રાપરગઢવારી વાળા શ્રી લહેરચંદભાઈ હંસરાજ મોતા તરફથી પ.પૂ.સા.શ્રી સિધ્ધગિરાશ્રીજીની નિશ્રામાં શ્રી ગૌતમસ્વામી પૂજન ભણાવવામાં આવેલ. પૂજન વખતે ગાંધીધામ વરાડીયા, કોઠારા, સુથરી, રાપરગઢવારી વગેરે ગામોથી સંઘો આવેલ.

વિધિકારક સુનિલભાઈ બી ઝાલમોરા ડીસા વાલા કરેલ સંગીતકાર શ્રી કિશોરભાઈ સંગાર પાટી રાગરાગણીથી રંગત જમાવેલ.

તા. ૨૪.૧૧.૨૦૧૫ના શ્રી લીલાવંતીબાઈ રાયચંદ ધ્રોળ પરિવાર તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ જેમાં પ.પૂ.સા શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તબલચી મણીલાલભાઈ, રતીલાલભાઈ, જેઠાભાઈ પ્રેમચંદ કસ્તુરીબાઈ ધારમશી, ખમાવંતીબેન ખોના આદિએ સારી રમઝટ બજાવેલ.પૂ.ગુરુજીમહારાજ સાહેબ સાથે સકળ સંઘ ૧૦૮ ખમાસણા આપેલ. તા. ૨૬.૧૧.૨૦૧૫ પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. તથા પ.પૂ.સા.ઋજુપ્રજ્ઞાશ્રીજી મ.સા. નો ચાતુર્માસ પૂર્ણ થતા જે પ્રથમ પરિવર્તન દાતા પરિવાર માતુશ્રી લખમીબાઈ કુંવરજી રાઘવજી લોડાયાના ઘેર કરેલ.

## નાગપુર મહાજનનું દિપાવલી મિલન

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન,નાગપુર દ્વારા તા ૧૫.૧૧.૧૫ દિપાવલી મિલન તેમજ વાર્ષિક સામાન્ય સભા યોજાયા. લગભગ ૩૬ કુટુંબીઓમાંથી ૨૫ કુટુંબોના ૭૫ સદસ્યોએ હાજરી આપેલ.


શુભેચ્છા સહ.....

શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ,

૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

શુભેચ્છાઓસહ *Laxmichand Dharshi Mota*

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No. 11-0404

રાજ લક્ષ્મી આરોગ્ય ધામ - પંચગીની

સંપર્ક : 08879677709

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ-લાલપુર

દર વર્ષની જેમ આ વર્ષે પણ ભલારાદાદાની સમુહ પહેડી ચૈત્ર સુદ ૧ ને ગુડીપાડવાના શુભ દિવસે બુધવાર તા ૦૮.૦૪.૨૦૧૬ના સાંજે મુંબઈ મુકામે રાખવામાં આવેલ છે. આ સમુહ પહેડીમાં જે ભાવિકોને લાભ લેવો હોય તેમને રૂા.૧ લાખ ૫૦ હજારનું અનુદાન આપવાનું રહેશે. ઈચ્છુક ભાવિકોને પંકજ ખોનાનો ૯૩૨૩૮૬૬૩૩૪ મો. નં. સંપર્ક સાધવો.

ચૈત્રી મહોત્સવનું આયોજન લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩,૧૪ અને પુનમના તા ૨૦,૨૧,૨૨ એપ્રિલ ૨૦૧૬ના ત્રિહાન્હિકા મહોત્સવનું આયોજન કરલ છે. આ ધ્વજા મહોત્સવ પ્રસંગે દરરોજ આરતી, ભક્તિ ભાવના અને દાદાશ્રીના પાઠ રહેશે. આ મહોત્સવ પ્રસંગે સર્વ ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ છે. સંપર્ક : ૧૮-એ, મોનાની સદન, ભારત બેંકની સામે, જે.એન.રોડ, મુલુંડ(વેસ્ટ), મુંબઈ - ૮૦.

પ્રથમ ઉપાશ્રયમાં પૂ.આચાર્યશ્રી પૂર્ણચંદ્રસુરિશ્વરજી મ.સા. આદિઠાણાને સામુહિક ગુરૂવંદન કરાયેલ મ.સા. સમાજને ઉપદેશ તેમજ પ્રવચન આપેલ. માણેકજીભાઈ લાપસીયાએ સ્વાગત કર્યુ. મહાજન વતી પ્રમુખશ્રી સતેંદ્ર લોડાયાએ સર્વેને દિપાવલી મિલન માટે સાલ મુબારક આપીને વાર્ષિક સામાન્ય સભામાં વર્ષ ભરનો કામકાજનો અહેવાલ પ્રસ્તુત કરેલ. માનદમંત્રી શ્રી નિખીલ ખોનાની નિમણૂકની થઈ. મહાજન વતી સ્વામિવાત્સલ્ય યોજાયું.

### સખી વૃંદ - પુના

સખી વૃંદ - પુનાની ૨૮મી નવેમ્બરની મિટિંગ કાંતાબેન ધરમશીના ઘરે યોજાઈ. જેના વિષય હતો : ચટણી. ભાગ લેનાર સભ્યને અગાઉથી ચિઠ્ઠીઓની ડ્રો પ્રમાણે ઉલ્લેખેલ રાજયોની ખાસિયત એવી ચટણી બનાવવાની હતી અને એ રાજ્ય મુજબ વસ્ત્ર પરિધાન કરવાનો હતો. હરીફાઈ માટે ડ્રેસ. વાનગીની રજુઆત અને ચટણીનો સ્વાદ એમ ત્રણ બાબતે સ્પર્ધા

## ભુજપુરમાં સ્થાને ૬૮મી ગુરૂમંદિરે ધ્વજારોહણ

મા ચક્રેશ્વરી-મહાકાલીદેવીના કૃપાપાત્ર ગુરૂદેવના ગુરૂમંદિરને ૩૬ અને ૬૮મી પુણ્યતિથિ નિમિત્તે અભિષેક પૂજન અને શિખરો પર ધ્વજારોહણનો કાર્યક્રમ શનિવાર ૦૫.૧૨.૧૫ના સંપન્ન થયો. ભોજનાલય-બાલમંદિરમાં મિષ્ઠાન અપાયેલ. તપ-જપ ધર્મ આરાધનાથી ભાવિકોની સારી સંખ્યામાં હાજરી રહી. યતિશ્રીએ ધર્મસંદેશ, ગુરૂવંદના અને જીવનદર્શન વિષે વક્તવ્ય આપ્યું. તેમણે ઉપસ્થિત સૌનો આભાર માન્યો તેમજ મુંબઈ મહાજન ટ્રસ્ટની ગુરૂભક્તિના સુકૃતની અનુમોદના કરી. તેમણે જાહેર કર્યુ કે આ વર્ષમાં પૂરા ગુરૂમંદિરનો જીર્ણોધ્ધાર થશે જેનો લાભ લેવા ભાવિકોને યતિશ્રીએ વિનંતી કરી છે.

જ્ઞાતિનાં વંદનીય ગાદીપતિ શ્રી જિનેન્દ્ર સાગર સૂરિશ્વરજી મહારાજસાહેબ ૬૮ વર્ષ પહેલાં ૨૦૦૪ કારતકવદ ૧૦નાં દિવંગત થયાં. રજવાડી રીતે હજારો ગુરૂભક્તોની હાજરીમાં તેમના અંતિમ સંસ્કાર થયાં. સમસ્ત ગામના પૂજનીય સંત ને અશ્રૂભીના વિદાય અપાયેલ જે સ્થાન ભુજપુર ગામની મધ્યે જાડેજા પરિવાર સંતોની ભૂમિ જેસલપીર તરીકે ઓળખાય છે. તે વખતે મુંબઈ મહાજને શ્રધ્ધાજંલિ શોકસભા રાખેલ. જ્ઞાતિના બહુધા ગુરૂભક્તો ટ્રસ્ટીઓના પ્રયત્નોથી શ્રી પૂજનના સમાધિ સ્થાને ગુરૂમંદિરનું નિર્માણ થયું. ગુરૂદેવ શ્રીપૂજ પ્રત્યે પુરી જ્ઞાતિ ટ્રસ્ટ આદર રાખે છે તેથી ગુરૂમંદિરના મુખ્યસહયોગી મુંબઈ મહાજન અને અનંતનાથજી ટ્રસ્ટ રહ્યા. સોમપુરાથી મંદિર તૈયાર થતાં પંચાહ્નિકા ઉત્સવથી પગલા મૂર્તિ ધ્વજદંડ-ધ્વજા સ્થાપના ૨૯.૧૧.૮૩ના થવા પામી જે સમયે મુંબઈ મહાજન-અનંતનાથના ટ્રસ્ટીસાહેબો, અખિલભારતના અધિકારીઓ,મુંબઈ ખાનદેશ-કચ્છના ગુરૂભક્તો, બિકાનેર ચિત્તોડગઢ કોરાના શ્રીપૂજ્યો યતિઓ પધારી વિધિવિધાન કરાવેલ. સમસ્તગામને ધુમાડાબંધ જમણ અપાયેલ.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** Mota Trading P. Ltd. 101, Manratna Business Park, 1st Floor, Junction of Derasar Lane, & Tilak Road, Ghatkopar (E), Mumbai - 400 077, Tel. : 022 4422 9100 /199 Fax : 022 4422 9119

યોજાયેલ જેના નિર્ણાયકો તરિકે આ ક્ષેત્રમાં પારંગત ૧) બિંદુ સક્ષેના જે અમુલ મહારાણી છે અને ફેમિના (અંગ્રેજી)માં લેખો લખે છે. ૨) શેફ મનોજ કુમાર જે.જે.ડબલ્યુ મેરિયા હોટેલમાં ૧૯ વર્ષથી કાર્યરત છે. ૩) સશીકાંત બકીં જે બર્ગર બર્નના જનરલ મેનેજર છે અને ૪) જીવનિત સિંગ ચાવલા જેઓ બર્ગર બર્નના માલિક છે તેમને બોલાવાયેલ. પ્રથમ વિજેતા કલ્પના લાપસિયા (ટોમેટો ખજુર આમશેતો બેંગાલી ચટણી) અને બીજા ક્રમે મીરા નાગદા (કોકોનેટ ચટણી તમિલનાડુ) વિજેતાઓને કાંતાબેન દ્વારા ભેટ આપવામાં આવી હતી. ભાગ લેનાર સર્વે બહેનોએ ખૂબ જ ઉત્સાહથી મેહનત કરી અવનવી ચટણીઓ બનાવેલી. ચટણીઓનાં નામ ટોમેટો ખેજુર આમશેતો બેંગાલી ચટણી, દાળિયા ચટણી કર્નાટક, રીંગણા ટોમેટો ચટણી, કર્નાટક, ગુરાળ ચટણી, સૂરણ ચટણી બિહાર, આમુદ ચટણી મધ્યપ્રદેશ, અંબાણી ચટણી કર્નાટક, મીલ્ગાઈ પોળી ચટણી તમિલનાડુ,અખરોટ ચટણી કાશ્મિર, કડીપત્તા રન્જકા ચટણી કર્નાટક, અંબાડી ચટણી, આંધ્ર પ્રદેશ આલુ ભૂખરા, આમ દરેક હરીફ વિજેતા હતા. જજના મતે પણ એમને નિર્ણય આપવા ખૂબ સમય લાગ્યો. કીર્તીબેન શાહે સંચાલન કર્યુ. તેમણે નિર્ણાયકોને પણ ભેટો આપી હતી.

યોજાયેલ સ્પર્ધામાં રાજ્યો અને તેમના મુખ્ય મંત્રીઓનાં નામોના ઉલ્લેખ કરવાના હતા. આનું આયોજન પણ કીર્તીબેને કરેલ. પ્રથમ વિજેતા જિનાબેન રતાણી અને બીજા વિજેતા મીરાબેન શાહ રહ્યા હતા. વિજેતાઓને કાંતાબેન દ્વારા ભેટ અપાઈ. વંદના ધરમશી એ કોચીન ક્વીન સ્પર્ધાની પ્રથમ આવૃત્તિની શરૂઆત કરી.

## શ્રી ક.દ.ઓ.પશ્ચિમ એકમ

શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની જનરલ મીટીંગ તા ૧૮.૧૦.૧૫ને રવિવારે શ્રી ક.દ.ઓ. જૈન સહાયક સમિતિ ટ્રસ્ટ, શ્રી રામજી માણેકજી નાગડા સેનેટોરીયમ જામનગર મુકામે મળી જેમાં ૧૬૭ સાધર્મિક ભાઈઓ-બહેનોએ હાજરી આપી. પ્રમુખશ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાના આવકાર પ્રવચન બાદ એજન્ડા મુજબ કામગીરી કરવામાં આવી. વર્ષ ૨૦૧૫ થી ૨૦૧૮ ત્રણ વર્ષ માટે નવી કારોબારીની રચના કરવામાં આવી.

સૌ પ્રથમ પ્રમુખ શ્રી તરીકે રાજકોટના શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાના નામ નો પ્રસ્તાવ શ્રી તિલકચંદભાઈ જે ખોનાએ મુક્તા તાળીઓના ગળગળાટ સાથે શ્રી મુકેશ માણેકજી લોડાયા, શ્રી નીતિન જે.ધરમશી-શ્રી કમલેશ લક્ષ્મીચંદ લોડાયા - શ્રી વિમલભાઈ દંડ-શ્રી મેહુલ ચંપકલાલ ધરમશી-શ્રી ભાવિન માણેકજી ડાઘાએ ટેકો આપતા સર્વસંમતીથી શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાને વર્ષ ૨૦૧૫થી ૨૦૧૮ ત્રણ વર્ષ માટે એકમના પ્રમુખ તરીકેની નિમણુકનો ઠરાવ બહાલ કરવામાં આવ્યો.

એકમના પ્રમુખ શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયાએ ગુજરાત સ્થિત વિવધ શ્રીક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજનની ભલામણ પત્રના આધારે કારોબારી સભ્ય તરીકે શ્રી તિલકચંદભાઈ જે ખોના, શ્રી નીતિન જે.ધરમશી, શ્રી મુકેશ માણેકજી લોડાયા, શ્રી હરીશભાઈ પ્રવિણચંદ્ર ધરમશી-શ્રી ભાવેશ નવીનચંદ્ર ખોના-શ્રી ચંદ્રેશ દિનેશ નાગડા-શ્રી બિમલ પ્રકાશભાઈ લોડાયા - શ્રી કમલેશ લક્ષ્મીચંદ લોડાયા-શ્રી વિમલભાઈ દંડ-શ્રી મેહુલ ચંપકલાલ ધરમશી-શ્રી ભઅવિન માણેકજી ડાઘા-શ્રી નવિનભાઈ કુંવરજી ધરમશી, ની નિમણુંક કરવામાં આવી તથા પ્રમુખ શ્રી ની સત્તાના રૂએ - શ્રી તેજ કુમાર એસ.જૈન, શ્રી મધુકાંત પાશ્વીર મોમાયા, શ્રી હીરેન મહેન્દ્ર મોતા,ની નિમણુંક કારોબારી સભ્ય તરીકે કરી.

ઉપપ્રમુખ તરીકે હાલાર-જામનગર વિભાગમાંથી શ્રી તિલકભાઈ જે ખોના, મધ્ય ગુજરાત વિભાગમાંથી શ્રી નિતીન જે. ધરમશી તથા દક્ષિણ ગુજરાત વિભાગમાંથી શ્રી મધુકાંત પાશ્વીર મોમાયા, ની નિમણુક કરવામાં આવી સેક્રેટરી તરીકે શ્રી મુકેશ માણેકજી લોડાયાની નિમણુક કરવામાં આવી અને ખજાનચી તરીકે શ્રી હીરેન મહેન્દ્ર મોતા ની નિમણુક કરવામાં આવી.

ટ્રસ્ટી તરીકે ૧) શ્રી મહેન્દ્ર મેઘજી મોમાયા-રાજકોટ ૨) શ્રી તિલકચંદ જે.ખોના-જામનગર ૩) શ્રી નિતીન જે.ધરમશી-આણંદ ૪) શ્રી મુકેશ માણેકજી લોડાયા-વડોદરા ૫) શ્રી હીરેન મહેન્દ્ર મોતા અમદાવાદ આમ પાંચ ટ્રસ્ટીની નિમણુક સર્વસંમતીથી કરવામાંઆવી.

### ⌘ દંડ પરિવાર ના કુળદેવી અંગે ⌘

કચ્છ **વરાડીયા** મદ્યે દંડ પરિવાર ના કુળદેવી **શ્રી સચ્ચાઈ માતાજી** ના ભુવા **શ્રી મણીલાલ જેઠાભાઈ** દંડ ની ગાંધી બદલાવવાનો કાર્યક્રમ **ચૈત્રી પૂનમ** ને **શુક્રવાર તા. ૨૨ એપ્રિલ ૨૦૧૬** ના **વરાડીયા મદ્યે** રાખેલ છે. સૌ ભાવિકોને આ પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**લી. અશોક સોમચંદ દંડ (ઝવેરી) ✆ ૯૮૨૧૧ ૪૪૩૨૪**


**શુભેચ્છાઓ સહ...**

**સાંધવ રત્ન**

**શ્રી મુળજી રાઘવજી લોડાયા**

**MRL Group of Companies**

## નવા/બદલાવેલા સરનામા-(પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| નિર્મલકુમાર એસ.મોતા | સી/૩૩૪, રાકી અન્ન ટેમ્પલ સ્ટ્રીટ, કરૂમ્બા પલયમ, મદ કરાઈ, કોઈમ્બતુર - ૬૪૧ ૧૦૫ |
| સુરેશ વી.મોમાયા | ફ્લેટ નં ૧૨, ૧ લે માળે, એ-વિંગ, રામાક્રિશનહરી કો-ઑપ.હૉ.સો.લિ. વૉટર ટૅંકની સામે, કોપર ગાવ, ડોંબિવલી (પ) થાણે - ૪૨૧૨૦૨ ફો:0251-2463460 |
| ચેતક જયંત લોડાયા | # SL-401 ,4th Floor, **Shriram Spanda Aptmnts,** (B/H Embassy Golf Links), Challagatta, Vartur Hoble, Yemallur PO, **Bangalore-560 037.(Karrnataka)** |
| સુનિલ કેશવજી સાયલા | બી/૩૦૩, પાટીલ હેરીટેજ, તાંબે નગર, એસ.એન.રોડ, મુલુંડ (પ) ૪૦૦ ૦૮૦ |
| તિલક રાયચંદ લોડાયા | ૧૩૦૨, લવેન્ડર કલરસ્કેપ, ક્રોમાની નજીક, પં.દિનદયાલ ઉપાધ્યાય રોડ, મુલુંડ (પ) ૮૦ |
| હિરેન વી.પોલડીયા | ભાનુશાલી નગર, નિર્મલ સિંહની વાડી, એસ-એફ, રૂ નં ૮, અકોર્ડ |

## જીવનચક્ર

### જન્મ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૦૯.૧૫ | ડોંબિવલી | ધાર્મીક-આરતી/પ્રશાંત ખુશાલ ખોના | કોઠારા | પુત્ર |
| ૦૩.૧૧.૧૫ | ડોંબિવલી | હયાન-જીજ્ઞા/નિતેષ મહેંદ્ર નાગડા | - | પુત્ર |
| ૦૭.૧૧.૧૫ | ગાંધીધામ | પૃભવ-અંજલ/મયુર ગુલાબ ધરમશી | જશાપર | પુત્ર |

### સગપણ

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨.૧૧.૧૫ | હુબલી | અદીશ અનુપ ખેતશી ખોના | નલીયા | ૨૮ |
| | - | ઉર્વશી મુલચંદ મુનવર | કોઠારા | ૨૬ |
| ૧૨.૧૦.૧૫ | ગોવા | અમુલ દીપક નારાયણજી સોની | સાંયરા | - |
| | નવી મુંબઈ | મનાલી જયેશ રાઘવજી મોતા | લખાણિયા | - |
| ૦૨.૧૨.૧૫ | કોચીન | ગૌરંગ દીપક શીવજી પોલડીયા | રંગપુર | ૨૭ |
| | ડોંબિવલી | અંજલિ રમેશ જીવરાજ ધરમશી | ગોરખડી | ૨૨ |

### આંતર જ્ઞાતિય લગ્ન

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭.૧૧.૧૫ | બદલાપુર | ચેતન શરદ દેવધર | સોલાપુર | ૨૯ |
| | થાને | ઈશિતા નિર્મલકુમાર દંડ | સેવક ભરૂડીયા | ૨૬ |

### મરણ

| | | | | |
|---|---|---|---|---|
| ૦૭.૧૨.૧૫ | અમદાવાદ | ગુણવંતી નેણસી મોતા | - | - |
| ૧૦.૧૨.૧૫ | ઘાટકોપર | મીનાલી હેમેન્દ્ર તિલોકચંદ દંડ | છાદુરા | ૫૭ |

**કાવ્ય પ્રકાશ:**

<u>આમ શું કામ થાય છે ?</u>

સાથે રમ્યાં, સાથે જમ્યાં , સાથે ઉછર્યા પણ, સમયે સમયે આ સથવારો હાથમાંથી સરકી જાય છે...
વાવેલાં વિશ્વાસ અને પ્રેમનું સિંચન, દુન્યવી પ્રકોપથી કેવું વલોવાઈ જાય છે.
રાત અને દિવસ, તડકો અને છાંયો, ધીરે ધીરે એક આદત બની જાય છે.
પછી ધૈર્ય અને સહનશીલતા એવા મિત્રો, ન જાણે ક્યાં ખોવાઈ જાય છે.
જીજીવિષા, અસંતોષ અને અવિવેક, મારા ઘરમાં હળવેથી ગોઠવાઈ જાય છે,
સત્કાર્ય અને સહકાર્યની વાતો, કેવી અચાનકથી છુપાઈ જાય છે,
ન સહેવાય ન કહેવાય એવી પરિસ્થિતિ, વારંવાર ઊભી થાય છે.
પણ નિત્ય એવાં અંતરમનની શુધ્ધતાથી, બધું જ સ્વસ્થાને ગોઠવાઈ જાય છે.




ડૉ.યોગિતા મૈશેરી (098193 28218)



|| શિવ મસ્તુ સર્વે જગત ||

|| શ્રી મોમાયા માતાય નમઃ || || શ્રી ગણેશાય નમ || || શ્રી અજીતનાથાય નમઃ ||

|| શ્રી સુરાપુરા દાદાય નમઃ || || શ્રી મહાકાલી માતાય નમઃ ||





# શ્રી ક.દ.ઓ. જૈન ડાઘા-માલદે-ખેરાણી પરીવાર

દ્વારા આયોજીત ડોમ્બીવલી (મુંબઈ) ૯મી પહેડી

દલતુંગી ગામે બીરાજમાન ડાઘા-માલદે-ખેરાણી પરીવારના કુળદેવી શ્રી મોમાય માતાજીની અસીમકૃપાથી ૯મી પહેડીનું આયોજન વિક્રમ સવંત ૨૦૭૨

**પોષ વદ અમાસના તા.૦૭/૦૨/૨૦૧૬ના રોજ રવીવાર**

ના ડોમ્બીવલી મુકામે રાખવામા આવેલ છે. તો આપ સર્વે કુટુંબીજનો તથા નિયાણી બહેનો દીકરીઓ ભાવીકોને સહકુટુંબ પહેડી પ્રસંગે પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

**લાભાર્થી દાતાશ્રી પરીવાર**

**શેઠશ્રી કેશવજી નાયાભાઈ પટેલ પરીવારના**
**સુપુત્ર શ્રી અશોક કુમાર કેશવજી માલદે સમસ્ત પરીવાર**



**નિમંત્રક**

**માતુશ્રી મનોરમાબેન અશોક માલદે**



લિ. ડાઘા-માલદે-ખેરાણી પરીવાર
ડાઘા-માલદે યુવા મિત્ર મંડળ
ના જય માતાજી

## દ્વિતીય પુણ્યતિથિએ ભાવભરી શ્રધ્ધાંજલિ



જન્મ :
તા. ૨૭/૮/૧૯૩૯





અરિહંત શરણ :
તા. ૧૩/૧૨/૨૦૧૩

**સ્વ. શ્રી જીવરાજ મુલજી દેસાઈ (લાપસીયા)**

(ગામ : સાંયરા - હાલ : રાયચુર, કર્નાટક)

**વીત્યું વર્ષ બે તોય જીવંત દરેક પળની સ્મૃતિ, સ્મરણાંજલિ દેતા સ્વજનો પ્રાર્થે પામો ઉચ્ચ ગતિ !**

-: સ્મરણકર્તા :-

- શ્રીમતી દમયંતિબાઈ જીવરાજ દેસાઈ (લાપસીયા)
- શ્રીમતી કોકિલા જી. દેસાઈ અને ગિરીશ લાલજી દેસાઈ
- શ્રીમતી અંજના આર. દેસાઈ અને રાજેન્દ્રકુમાર ઉમરશી દેસાઈ
- શ્રીમતી ટીના ગિરીશ દેસાઈ અને ગિરીશ જીવરાજ દેસાઈ
- સમસ્ત દેસાઈ અને નાગડા (નલિયા) પરિવાર

C.DO. Prakash Samiksha R.N.I.No. MAHGUJ/1998/04640 Day of publication every Monday
Postal Regd. No. MCE/53/2015 - 2017 WPP Licence No. MR/ Tech/WPP-261/East / 2015
Posting : Tuesday / Wednesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai - 400 001



# REMEMBRANCE

## *Laheri Lodaya*

08.03.1946 to 16.12.2014



*In Loving Memory - Hansa Laheri Lodaya,*
*Jayditya, Chandni, Kapil Lodaya & Lily Family*

Lily

Building your world


if undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. R. R. Nagda, Advocate, 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by : **RAICHAND R. NAGDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA, SAMITI (Owner)** and Printed at **THE NEW MILLENNIUM PRINTERS,** 314, Mathuradas Mill Compound, N. M. Joshi Marg, Lower Parel, Mumbai - 400013 and Published by him from Premises No. 13A Situate at 29/41, Tamarind Lane, Rajabahadur Compund, Fort, Mumbai - 400 001.
**Editor : Raichand R. Nagda**

To,